Since 1925...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૨૦ • અંક : ૩૭ • તા. ૧૧ સપ્ટેમ્બર ૨૦૧૭ થી ૧૭ સપ્ટેમ્બર ૨૦૧૭ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCE/53/2015-17

## શ્રી અરિહંત કો.ઓપરેટીવ બેંક લી.ની ૧૦મી શાખાનું બોરીવલી ખાતે ઉદ્‌ઘાટન



બ્રાંચનુ ઉદ્‌ઘાટન કરતા ડૉ. નાગજીભાઈ રીટા



બ્રાંચ મેનેજર કેબીનનું ઉદ્‌ઘાટન કરતા શ્રી તરૂણભાઈ મોતા




બેંકના ડાયરેક્ટર્સ સાથે બ્રાંચનો સ્ટાફ



ચેરમેન શ્રી હિરાચંદભાઈ દંડ દ્વારા મહેમાનોનું સ્વાગત



વાઈસ ચેરમેન શ્રી મુકેશભાઈ મૈશેરી દ્વારા શ્રી કોમલભાઈ છેડાનું બહુમાન

॥ પરમ તારક પરમાત્મા શ્રી વાસુપૂજય સ્વામિને નમઃ ॥
॥ શ્રી આર્ય-જય-કલ્યાણ-ગૌતમ-નીતિ-દાન-નેમ-ગુણ-ગુણોદયસાગરસૂરીશ્વરેભ્યો નમઃ ॥

# શ્રી સમસ્ત અચલગચ્છ જૈન સમાજ-મુલુંડ

શ્રી વાસુપૂજય સ્વામી જિનાલય, ઝવેર રોડ, મુલુંડ (વે), મુંબઈ-૮૦. ફોન : ૨૫૬૮ ૧૧૭૦/૨૫૬૭ ૧૧૭૦

ગચ્છ નાયક, કોટડા રોહા રત્ન, તપચક્રવર્તી, ૫૧મા વરસીતપના આરાધક, અચલગચ્છાધિપતિ

## પ.પૂ.આ.ભ. ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. ને

## ૮૬મા જન્મદિને મંગલ વધામણા...



ગુરુદેવ ને ઝરણું
બન્ને સરખા....

સદાય વહેતા રહે...
ધરતીને ધબકતી રાખે....
સૃષ્ટિને સચેતન બનાવે...
તૃપ્તિ આપે, સ્વચ્છ અને સ્વસ્થ બનાવે...
વંદન કરું એવા ગુરુદેવ, ગુરુમૈયા, ગુરુરાજને ...



લી. મંત્રીઓ

BINITA S. MARU - 9869034162

## પાંચમી પુણ્યતિથીએ નતમસ્તકે શ્રદ્ધાંજલિ

વાત્સલ્ય મમતા અને સમર્પણની ત્રિવેણી સંગમ
એટલે "માં" હતા તમે સ્નેહ સાગર,
અમીરસ અમે સૌ પીધાં.
સિંચીને સંસ્કાર તમે, સંતાનોના જીવન ઘડતર કીધાં.
સુખ અને દુઃખમાં એક જ ભાવ
એવા માતુશ્રી ને શ્રદ્ધા સુમન અર્પણ....



જન્મ :
તા. ૧૭-૯-૧૯૩૧

અરિહંત શરણ :
તા. ૨૦-૯-૨૦૧૨

### માતુશ્રી નંદકુંવરબેન મેઘજી મોતા

કચ્છ - તેરા, ઈન્દોર (મ.પ્ર.)

પુત્ર - પુત્રવધુ :
અનીલ - ચારૂલતા • સુનિલ - ચૌલા

પૌત્ર - પૌત્રવધુ :
અર્પિત - પૂજા • વરૂણ - નેહા
મલય

પ્ર પૌત્રી - પ્ર પૌત્ર :
વિયાના - વિવાન
ધ્યાના

દીકરી - જમાઈ :
વીણા - વસંત લોડાયા, વાપી
હંસા - લહેરી લોડાયા, મુલુંડ
ઉષા - હરીશ દંડ, ભાંડુપ
આશા - સતેન્દ્ર લોડાયા, નાગપુર
તૃષા - રાજેન્દ્ર લાલકા, વિક્રોલી

**આદ્યતંત્રીઓ**
**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાસવીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા
ઉદયન લાલજી શાહ

**અંક નં. 37/2017**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
022-2508 4463/64/65

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

**તંત્રી સમીપે**

# અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓનો સ્તુત્ય પારદર્શક અને સંવાદાત્મક અભિગમ

અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ 'અનંતસિધ્ધિ' (ભાંડુપ)ના પુનર્વિકાસની યોજના સંદર્ભે જ્ઞાતિના અગ્રણીઓ અને વ્યવસાયિકોના સલાહ-સૂચન મેળવવાના પ્રયોજનાર્થે ગત ૭ સપ્ટેમ્બરના બોલાવેલ સભા ખરેખર સાર્થક બની તેટલું કહીએ તો તે પૂરતું નથી અને તે સભા ખાસ કરીને જ્ઞાતિની અન્ય સંસ્થાઓ, ટ્રસ્ટ, મહાજનોના સંચાલકો માટે દષ્ટાંતરૂપ બની તેમ ઉમેરીએ તો તે પણ પૂરતું નથી પરંતુ જો એક જ વાક્યમાં કે સંક્ષેપમાં તેનો સાર આપવાનો હોય તો આ સભા સમગ્ર જ્ઞાતિ માટે એક ગૌરવપ્રદ સીમાચિન્હ તરીકે પૂરવાર થઈ છે તે રીતે તેનુ મુલ્યાંકન થવું જ જોઈએ અથવા તો કરવું જ પડે તે પ્રકારનો મત વ્યક્ત થાય તો તેમાં કોઈ પણ અતિશયોક્તિ થતી નથી.

ઉક્ત સભા મળી તે પહેલાં અનંતનાથજી ટ્રસ્ટના વર્તમાન ટ્રસ્ટીઓએ પોતે ટ્રસ્ટનો વહીવટ પારદર્શકપણે કરે છે તેવું ફક્ત દર્શાવવાના કારણસર કે જ્ઞાતિના અગ્રણીઓને વ્યવસાયિકોના સલાહ-સૂચન મેળવવા તેઓ તત્પર-ઈચ્છુક છે તેને માત્ર પ્રતીકાત્મક રૂપે દર્શાવવા તેમણે આ સભા બોલાવી છે અને છેવટે તો તેઓ તેમના નિર્ણય પર અટલ જ રહેશે તેવી સભા પૂર્વેની જ્ઞાતિજનોની આશંકાને ટ્રસ્ટીઓએ સદંતર ખોટી પાડી છે તે વાત તેમજ ઉક્ત સભામાં તેમના તરફથી 'અનંતસિધ્ધિ'ના પુનર્વિકાસની બાબતે વિગતવાર બનાવાયેલ પ્રોજેક્ટ રિપોર્ટની રજુઆત તથા પ્રશ્નોતરનો દોર અને તે ઉપરાંત ઉપસ્થિત જ્ઞાતિજનો પોતપોતાનાં અભિપ્રાય-મંતવ્યોને વિસ્તારથી રજુ કરી શકે તે માટે ઉક્ત સભાની પૂર્વસૂચિત બે કલાકની સમય મર્યાદાને તેમણે ઉપયુક્ત રીતે વિસ્તૃત કરી તે વાત અને તે ઉપરાંતમાં પણ ઉક્ત પ્રોજેક્ટ રિપોર્ટની વિવિધ આંકડાકીય માહિતી તથા લે-આઉટ, એલીવેશનનાં દશ્ય ડીસ્પ્લેની અને સભાની કાર્યવાહીની લેવાયેલી વિડીઓ શુટીંગની પેન ડ્રાઈવ અને સીડી પ્રત્યેક ઉપસ્થિતોને પાંચ-સાત દિવસોમાં મોકલી અપાશે તેવી સભામાં કરેલ જાહેરાત તેમજ 'અનંતસિધ્ધિ'ના પુનર્વિકાસની યોજના માટે ચોક્કસ નક્કર દિશા નિયત કરવા હજી પણ એક વધુ સભા ટુંક સમયમાં બોલાવવાની તેમણે દાખવેલ તત્પરતા-આ બધી વાતો ને નિર્દેશો ટ્રસ્ટીઓ પ્રમાણિકપણે પારદર્શી વહીવટ કરવાની નિષ્ઠા ધરાવે છે તે બાબતે હવે શંકાને કોઈ સ્થાન નથી રહ્યું તેવી પ્રતીતિ આપે છે તે વિષે બે મત ન હોઈ શકે.

એટલે જ, આ સભા યોજવા બદલ અને તેમાં જ્ઞાતિ અગ્રણીઓ - વ્યવસાયિકો સાથે અર્થપૂર્ણ સંવાદ સેતુ રચાય તે માટે દાખવેલ પ્રમાણિક નિષ્ઠા બદલ ટ્રસ્ટીઓને જેટલાં પણ અભિનંદન આપીએ તે ઓછાં જ છે તે પણ તેટલું જ ચોક્કસ છે.

તેમાં પણ પોતે ઘણી મેહનત કરીને તૈયાર કરેલ પ્રોજેક્ટ રિપોર્ટના અનુરૂપમાં 'અનંતસિધ્ધિ'ના પુનર્વિકાસની યોજનાના વિકલ્પે અન્ય યોજના કરવા સભામાં થયેલાં સલાહ-સૂચનો પરત્વે ટ્રસ્ટીઓએ ખુલ્લું મન રાખીને સ્વીકારાત્મક અભિગમ

દાખવ્યો તેમાં ટ્રસ્ટીઓ જ્ઞાતિના વિશાળ હિતમાં આવા પ્રકલ્પો બાબતે જ્ઞાતિનો બહુમત સ્વીકૃત રાહ અપનાવવામાં કોઈ નાનપ, મમત્વ કે છોછ રાખતા નથી તેની પ્રતીતિ પણ ટ્રસ્ટીઓએ આપી તે આ સભાની સમસ્ત જ્ઞાતિને દૃષ્ટાંતરૂપ થઈ શકે તે પ્રકારની ઉમદા ફળશ્રુતિ છે.

આશા રાખીએ કે ભવિષ્યમાં પણ, ટ્રસ્ટની 'અનંતસિધ્ધિ', કાંજુરમાર્ગ, મસ્જિદબંદરની, માંડવી ધર્મશાળાની તેમજ અન્ય મિલકતોને અલગ અલગ રીતે નહીં પણ સમગ્રતયા દૃષ્ટિકોણથી પુનર્વિકાસ-વેચાણ કરવા કે લાંબા પટ્ટાના લીઝ પર આપવા અને તે રીતે ટ્રસ્ટના એકત્રિત સ્ત્રોતોનું સમગ્ર જ્ઞાતિ માટે આયોજન કરવા અંગે સંયોજનાત્મક વિચારણા થઈ શકે તે માટે જ્ઞાતિ અગ્રણીઓ અને વ્યવસાયિકોની સલાહ સૂચન મેળવવા આ પ્રકારની નિખાલસ, પૂર્વગ્રહરહિત અને અર્થપૂર્ણ સંવાદાત્મક સભાઓ યોજીને ટ્રસ્ટીઓ જ્ઞાતિને એક નવી દિશા આપે.

- રા.


પ્રકાશ સમીક્ષા માટે ઇ-મેલ દ્વારા જાહેરાત મોકલનારે જાહેરાતની મેટર **kdoprakash@gmail.com** ઉપર મોકલાવી વિનમ્ર વિનંતી.

**જાહેરાત કર્તાઓ એ નોંધ લેવા વિનંતી.**

આપ સૌ જાણો છે કે ૧ જુલાઇ ૧૭થી **GST** અમલમાં આવેલ છે. જે મુજબ કાનુની નોંધણી થયા પછી જાહેરાત પર **5% GST** લાગશે. તેની સૌએ નોંધ લેવી.

**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર + 5% GST**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Mulund (W), Mumbai - 400 080.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of
**"C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.


**પર્યુષણ પર્વના વિગતવાર અહેવાલ મોકલવા વિનંતી**

આપના સ્થાનિક જિનાલય, દેરાસરજી, મહાજન, મંડળ, ટ્રસ્ટના ઉપક્રમે ઉજવાયેલ પર્યુષણ પર્વ દરમિયાનની વિવિધ પ્રવૃત્તિઓ, ઘૃત બોલીઓ, દરેક સ્વપ્નના ચડાવા, તપસ્યા, આરાધના ઇત્યાદિના વિગતવાર સમાચાર મોકલવા તથા જ્ઞાતિજનોના પુરા નામ અને વતનના ગામ પણ જણાવવા વિનંતી છે. શક્યતઃ વધારે વિગતવાર સમાચાર પ્રકાશિત થશે.

**સંસ્થા સમાચાર વિગતવાર છપાશે.**

આપના મહાજન, ટ્રસ્ટ, મંડળ, સંસ્થાની પ્રવૃત્તિઓના વિગતવાર સમાચાર મોકલી શકશો. અલબત્ત, તેમાં અતિશયોક્તિરૂપ વિશેષણો, અંલકારિક શબ્દો કે સુરૂચિનો ભંગ થાય તેવી વિગતો કે ભાષાનો ઉપયોગ થયો હશે તો તે છપાશે નહિં. અહેવાલમાં જ્ઞાતિજનોના પુરા નામ અને વતનના ગામ જરૂરથી જણાવવા વિનંતી. શક્યતઃ વધુમાં વધુ વિગતો પ્રગટ થશે.


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

# કચ્છી જૈનો માં બદલાતી જતી ઓળખ (અટક) : ભાગ ૨

**પ્રવિણચંદ્ર એસ શાહ (ધરમશી)**, કોઠારા, સુરત - **09978903247**

પરિવર્તન એ પ્રકૃતિનો નિયમ છે અને તે જડ ચેતન સૌને લાગુ પડે છે તો મનુષ્યો તેમાંથી કેમ બાકાત રહે. મારી અલ્પ સમાજ પ્રમાણે આપણી કચ્છી દશા ઓશવાળ જ્ઞાતિ મુખ્યત્વે પહેલાં પંજાબ પછી રાજસ્થાન પછી સિંધ અને છેલ્લી કેટલીક સદીઓથી કચ્છમાં સ્થળાંતર કરેલ છે. જોકે છેલ્લી બેએક સદીઓથી મુંબઈ તરફ સ્થળાંતર વધુ રહ્યું છે. મનુષ્યના જીવનમાં મોટા ભાગે બે પરિવર્તન બહુ જ વ્યાપક પ્રમાણમાં જોવા મળે છે જે કુદરતી નહીં પણ મનુષ્ય પોતે જ કરે છે. આ છે સ્થાન પરિવર્તન અને ધંધા રોજગારનું પરિવર્તન અને આ બને પરિવર્તનોની મનુષ્યની સામાજીક ઓળખ અને અટક પર સારી એવી અસર થાય છે.

પહેલાં પુરૂષો ધંધા રોજગાર માટે અને સ્ત્રીઓ લગ્નના કારણસર સ્થળાંતર કરતા. હાલ પુરૂષો તો વ્યવસાયના કારણે સ્થાન પરિવર્તન કરે છે પણ સ્ત્રીઓ હવે લગ્નના કારણસર સ્થળ પરિવર્તન કરતાં અચકાય છે. ભારતીય પરંપરા પ્રમાણે સ્ત્રીના લગ્ન થતાં તેની અટક તેનાં પિતાની નહીં પણ પતિની બને છે અને તેના માટે તેણીને લગ્નની નોંધણી અને એફિડેવિટ પણ કરવી પડે છે. આમ સ્ત્રીની અટક સામાજીક કારણોસર બદલાય છે.

અગાઉ જણાવ્યા પ્રમાણે મોટા ભાગના મનુષ્યોની ઓળખ તેમના ધંધા રોજગાર સાથે સંકળાયેલી હોય છે અને સ્થાનિક ભૌગોલિક પરિબળ પણ તેને અસર કરે છે તેથી કાળાન્તરે મનુષ્યની ઓળખ અને તે રીતે અટક પણ બદલાય છે. આપણી જ્ઞાતિના **શ્રી રમેશભાઈ લોડાયાએ સારી એવી મહેનત કરીને ''વહીવંચા અને આપણો ઈતિહાસ''** નામની એક સુંદર લેખમાલા પ્રકાશ સમીક્ષાના માધ્યમથી જ્ઞાતિ સમક્ષ રજુ કરેલ જેમાં અટક પરિવર્તન અને સ્થળાંતર વિષે માહિતી હતી. આપણી જ્ઞાતિના સ્થળાંતરના ઈતિહાસ જોતાં **કદાચ પંજાબ ની અટક ખન્નાનું હાલનું સ્વરૂપ ખોના હોઈ શકે. તે રીતે રાજસ્થાનની અટક લોઢાનું અપભ્રંશ લોડાયા** હોઈ શકે. તેવીજ રીતે સિંધની અસરના કારણે કેટલીક અટકના ઉત્તરાર્ધમાં ની જેવું લાગતું ણી વપરાય છે જેમકે અજાણી, કારાણી, જીવાણી વગેરે. ગુજરાતમાં લુહાણા જ્ઞાતિમાં પણ આવી અટક જોવા મળે છે જેમકે વિઠલાણી, બદીયાણી, દેવાણી વગેરે. સૌરાષ્ટ્રના પટેલોમાં પણ આવી અટક જોવા મળે છે જેમકે કાનાણી, ધનાણી, ભાયાણી વગેરે. એટલું જ નહીં પણ આપણા કચ્છી જૈનોના નામમાં પણ આપણા ભૂતકાળની અસર જોવા મળે છે ઉદાહરણ તરીકે પંજાબ અને રાજસ્થાનમાં વ્યક્તિગત નામની પાછળ માનાર્થે જી લગાડાય છે. મારા કેટલાક મિત્રો કે સહકાર્યકરો મને શાહજી કે પ્રવિણજી એમ સંબોધે છે એટલે આપણા કચ્છી કે રાજસ્થાની જૈનો ના **નામમાં** જી અક્ષરનો વ્યાપક ઉપયોગ થાય છે ઉદાહરણ રૂપે હીરજી, શામજી, ખીમજી.

અમે વર્ષોથી ગુજરાતમાં સ્થાયી થયા હોવાથી અમારી **અસલ અટક ધરમશી** જે ગુજરાતમાં બહુ જ વ્યાપક નામ ધરમશી જેવું લાગતું હોવાથી, અમારા બધા ભાઈ બહેનોની અટક પ્રારંભથી જ શાહ લખાવવામાં આવી હતી. ગુજરાતમાં વાણિયાઓમાં (જૈન અને વૈષ્ણવ) શાહ એ બહુજ વ્યાપક અને પ્રચલિત અટક છે. એટલે કોઈ કોઈ વાર કોઈ ગુજરાતી ભાઈ અમને પૂછે પણ કે જૈન કે વૈષ્ણવ વાણિયા ? આપણા જ્ઞાતિના મુખપત્ર પ્રકાશ સમીક્ષાના આદ્યતંત્રી શ્રી સનતભાઈએ પણ પોતાની અટક શાહ જ રાખેલ. ગુજરાતમાં એક અન્ય અટક પટેલ પણ બહુજ વ્યાપક અને પ્રચલિત છે. શાહ અને પટેલ અટક ગુજરાતી મુસલમાન, પારસીઓમાં પણ હોય છે પણ જૈનોમાં માત્ર આપણી જ્ઞાતિમાં જ મેં સાભળેલ છે. પણ જેમ જેમ સામાજિક જ્ઞાન આવતું ગયું કે અન્ય જ્ઞાતિના જૈનો સાથે સંપર્ક થતાં જાણવા મળ્યું કે ભૌગોલિક અસરના કારણે ઘણા જૈનો એ પોતાની અટક બદલેલ છે જેમાં કચ્છી દશા ઓશવાળ, કચ્છી વીશા ઓશવાળ, કચ્છી વાગડવાસી, કચ્છી ગુર્જર જૈન દશા કે વીશા પોરવાલ, દશા કે વીશા લાડ અને રાજસ્થાની જૈનો પણ સામેલ છે. **અત્યાર સુધી આ બધી જ્ઞાતિઓમાં અટક બદલીનો મુખ્ય ઉદેશ જૈન તરીકેની ત્વરિત ઓળખ કે પહેચાન હતી, નહીં કે કોઈ સરકારી લાભ મેળવાનો.**

પણ જ્યારથી સરકારે **જૈનોને ધાર્મિક લઘુમતી** કોમ જાહેર કરી છે અને અમુક શરતો આધારિત લઘુમતી કોમને મળતાં લાભ પણ મર્યાદિત પ્રમાણમાં જૈનોને પણ આપવા એવું નક્કી કરેલ છે ત્યારથી તો મારા મોટા ભાગના જૈન પરિચિતો કે જૈન મિત્રોએ પોતાના સંતાનો કે પૌત્ર પૌત્રીની અટક બદલી ને શાહ કરવા માટે ભગીરથ પ્રયાસો કર્યા છે. **જૈનોના ઈતિહાસમાં કદાચ પહેલી વખત આટલા મોટા પ્રમાણમાં જૈનોએ સરકારી લાભો મેળવવા પોતાની અટક બદલી હોય તેવું બનેલ છે.** તે ઉપરાંત સોશિયલ મિડીયા ના કારણે જૈનોમાં જાગૃતિ આવી હોય તેવું પણ બની શકે છે આને કારણે પિતાજીની અટક કે દાદાની અટક અને પુત્ર, કુંવારી પુત્રી, પૌત્ર કે કુંવારી પૌત્રીની અટક અલગ અલગ હોય તેવું બની શકે છે. આમ મેં અગાઉ લખેલ છે કે સરકારી હસ્તક્ષેપના કારણે કે અટકના વ્યાપક વપરાશના કારણે હવે દરેક માતાપિતાએ પોતાની સંતાનની અટક અને નામની બાબતમાં બહુજ જાગૃત રહેવું પડશે. હવે સરકાર પહેલાંની જેમ આસાનીથી અટક બદલાવવા મંજૂરી નહીં આપે કારણકે બધી જગ્યાએ વીજાણું માધ્યમના કારણે બદલાવું શક્ય ના પણ બને.

## શ્રી અરિહંત કો. ઓપરેટીવ બેંક લી.ની ૧૦મી શાખાનું બોરીવલી (વેસ્ટ) ખાતે ઉદ્‌ઘાટન

તા. ૨-૯-૨૦૧૭ના એલ.ટી. રોડ, બોરીવલી (વેસ્ટ) ખાતે અરિહંત કો.ઓ. બેંકની એટીએમ તથા લૉકરથી સુસજ્જિત ૧૦મી શાખાનું ઉદ્‌ઘાટન થયું.

૧૯૮૪ સ્થાપિત અરિહંત બેંકની ચીંચબંદર, માટુંગા, વાશી, ઘાટકોપર (ઈસ્ટ), ઘાટકોપર (વેસ્ટ), ભાંડુપ, મુલુંડ, થાણા અને ડોંબિવલી શાખાઓ પછી વેસ્ટર્ન વિભાગમાં બોરીવલી ખાતે આ પ્રથમ શાખા છે.

ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં ડૉ. ભરત પંડ્યા, શ્રી નાગજીભાઈ રીટા, શ્રી કોમલભાઈ છેડા, શ્રી તરૂણભાઈ મોતા, શ્રી અનંતરાય મહેતા અતિથિ વિશેષ તરીકે પધાર્યા હતા.

બેંકના ચેરમેન શ્રી હિરાચંદ દંડએ મહેમાનોને આવકાર્યા હતા. એડ. મનીષા પોલડીયાએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. બ્રાંચના નોમીનેટેડ ડાયરેક્ટર શ્રી હંસકુમાર છેડા તથા બ્રાંચ મેનેજર શ્રી પ્રવિણ ગાલાએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

વાઈસ ચેરમેન શ્રી મુકેશ મૈશેરીએ આભાર દર્શન કર્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં જ્ઞાતિજનો તથા વિવિધ વેપારી આગેવાનો ઉપસ્થિત હતા.


મહાવીર-માટુંગા સેલ • મહાવીર-માટુંગા સેલ

**એમ્બ્રોઈડરી સાડીઓનું**

**ભવ્ય સેલ**

**૨૦% થી ૫૦% ડીસ્કાઉન્ટ**

- હાથ અને મશીન પારસીગારા ૨૦%
- ફેન્સી સાડીઓમાં ૨૦%
- ટેસ્ટેડ કસબની સાડીઓ ૨૦%
- ટેસ્ટેડ ચણીયા ચોળીમાં ૨૦%
- કસબની તૈયાર બોર્ડરમાં ૨૦%
- પ્લેઈન સાડી મટેરીયલ ૨૦%
- ઓર્ડર થી બનાવીને મજુરી ઉપર ૨૦%
- ઓલ્ટરેશન ઉપર ૨૦%
- બાંધણી માટે ફેન્સી બોર્ડર ૨૦%

સાચી જરીની સાડીઓ ઘરચોળા સારા ભાવે વેંચાતા લઈશું.

કારીગરની સેમ્પલ સાડીઓ ઉપર ૪૦% થી ૫૦%

ગુરુવાર તા. ૨૧-૯-૨૦૧૭ થી ગુરુવાર તા. ૧૯-૧૦-૨૦૧૭

**દિવાળી સુધી દરરોજ**

**શ્રી મહાવીર'સ એમ્બ્રોઈડરી**

રાજ નિકેતન બિલ્ડીંગ, ધનલક્ષ્મી અને એચડીએફસી બેંકની બાજુમાં, ફુલ ગલ્લી સામે, ભંડારકર રોડ, માટુંગા (સે.રે.) મુંબઈ-૧૯.

ફોન : ૨૪૦૨ ૫૦૭૦ મોબાઈલ : ૮૬૫૨૨ ૩૯૫૩૭

મહાવીર-માટુંગા સેલ • મહાવીર-માટુંગા સેલ


## વંદનીય શિક્ષકો




પાંચમી સપ્ટેમ્બર એટલે આપણા શિક્ષકોને યાદ કરવાનો અને તેમના પ્રત્યે આદર વ્યક્ત કરવાનો અવસર. આવા પુનિત અવસરે ક.દ.ઓ. વિદ્યાલયના સર્વ શિક્ષકો જેમના હાથ નીચે ભણી આગળ વધ્યા તેમની યાદ નવપલ્લવિત થઈ તે શિક્ષકોનું પૈકી ત્રણ ઋણ કેમ વિસરાય ?

**૧) શ્રી એસ.ડી. ભીડે :** અંગ્રેજી અને સંસ્કૃતના શિક્ષક. અંગ્રેજી લખતાં વાંચતા અને ખાસ કરીને બોલતાં કરી દીધા. ભારોભાર આત્મવિશ્વાસથી પૂર્ણ કરી દીધા.

**૨) શ્રી દોશી સર :** દશા તથા વીશા પાઠશાળામાં અર્ધમાગ્ધીના વર્ગો લેતાં. સરળ મીઠી જબાનમાં વિષયને હલ્કો ફૂલ કરી નાખ્યો. જેડણી સમાસ અને ભાષાંતરની હથરાટી બેસી ગઈ. ૧૧મા ધોરણમાં ૧૦૦માંથી ૯૬ માર્ક સહેલાઈ થી મેળવ્યા. વિષયની એવી લગની લગાડી કે ટી.વી. ઉપર સંસ્કૃતમાં સમાચારો જોતાં દીલ ફરિયાદ કરવા લાગે, અર્ધમાગ્ધીમાં કેમ નહિં ?

**૩) શ્રી ગોપાલ યાદવ :** વ્યાયામ શિક્ષક. કદી ગેરહાજર રહ્યા હોય અને વર્ગ નિપ્રવૃત રહ્યું હોય તેમ બને જ નહીં. બોલવાનું કમ સીસોટીથી કામ, ખડતલ બાંધો અને સફેદ પહેરવેશ. વ્યક્તિત્વ જ વિદ્યાર્થીઓને શિસ્તબધ્ધ રાખે.

વિદ્યાર્થીકાળ દરમિયાન તેમણે શીખવેલા કસરતના વિવિધ દાવો સામાન્ય અને વજૂદ વિનાના ભાસતા હતા. તે કસરતોની કિમત બાયપાસ સર્જરી બાદ થઈ. રીહેબીલેશન પ્રોગ્રામમાં તે દાવોથી શરૂઆત થઈ એટલા મુલ્યવાન પૂરવાર થયા. શ્રી ગોપાલ યાદવ સર દ્વારા શિક્ષિત વ્યાયામની કવાયતો. શિક્ષક દિને પરમ ઉપકારી ગુરૂજનોને આદરભર્યા નમન.

**– કાંતિલાલ કેશવજી મોતા,** મુલુંડ

## પાસ થયા અભિનંદન



**પુજા જયંત શાહ**
(કોઠારા) – નાગપૂર
F.Y. B.A.
**70%**



**મૈત્રી મયુર નાગડા**
પરજાઉ – તીરપુર
F.Y. B.Sc.
**70%**



**હર્ષ અજય શિયાડ**
જખૌ – ડોંબિવલી
S.S.C.
**76.80%**

## ‘અનંતસિધ્ધિ’ (ભાંડુપ)ના પુનર્વિકાસની યોજના અર્થે અનંતનાથ ટ્રસ્ટના ટ્રસ્ટીઓની જ્ઞાતિ અગ્રણીઓ સાથેની સભા ફળદાયી રહી

ટ્રસ્ટીઓએ જ્ઞાતિના અગ્રણીઓ અને વ્યવસાયિકોનાં, ‘અનંતસિધ્ધિ’ પુનર્વિકાસ બાબતે સલાહ-સૂચનો મેળવવા ગત ૭ સપ્ટેમ્બરના એક સભા યોજી હતી તેમાં લગભગ ૧૬ જ્ઞાતિજનો ઉપસ્થિત રહ્યા હતા. સભામાં ટ્રસ્ટ દ્વારા વિગતવાર તૈયાર કરાયેલ પ્રોજેક્ટ રિપોર્ટ તેમજ મ્યુનીસીપલ નિયમનો અનુસાર ઉપલબ્ધ થનાર બાંધકામની વિવિધ આંકડાકીય માહિતી અને અનંતસિધ્ધિના મકાનોની બિસમારવાર સ્થિતિ રજુ કરતી સ્લાઈડસ દર્શાવવામાં આવી હતી. તેવી જ રીતે આ પ્રકલ્પ માટે આર્થિક સ્ત્રોતો અંગેની પણ વિગતો અપાઈ હતી. ઉપસ્થિતોમાંથી રાજેશ લોડાયા, રાયચંદ નાગડા, ઠાકરશી ગોસર, નયન ભેદા, કુમાર દંડ, હંસકુમાર ખીમજી, હેમાંગ ધરમશી, જયેશ જૈન, મણીકાંત ધુલ્લા અને મુકેશ મૈશેરીએ વિવિધ મુદ્દે સૂચનો આપ્યા હતા. સર્વ ઉપસ્થિતોએ અને વક્તાઓએ ‘અનંતસિધ્ધિ’ના પુનર્વિકાસનું કાર્ય વહેલામાં વહેલી તકે કરવું જોઇએ તેવો એકમત અભિપ્રાય આપ્યો હતો. ઉપરાંતમાં, અધિકૃત રીતે આ યોજના શરૂ કરી શકાય તે માટે જમીનના ટાઈટલ્સ સંલગ્ન બંધનકર્તા શરતો, મહાજનની મંજુરી, દેરાસરજી ખસેડવાનો સંવેદનશીલ મુદ્દો, ભાડુતોનો સહકાર, વધારાના ફ્લેટો અને દુકાનોના ટ્રસ્ટ દ્વારા વેચાણ કરવા અંગે કાનૂની નિષેધ, ચેરીટી કમીશનર પાસેથી સુયોગ્ય પરવાનગી, નવા ‘રેરા’ના કાયદાની સખત જોગવાઈઓનો તેમજ મુંબઈ મ્યુનીસીપલ કોર્પોરેશનને કોઈ પણ બાંધકામ અંગે મંજુરી ન આપવા સંબંધી મુંબઈ હાઈકોર્ટે આપેલ મનાઈ હુકમ જોતાં હજી એકાદ વર્ષ સુધી આ યોજનાનો પ્રારંભ થઈ શકે તેમ નથી તેવી પરિસ્થિતિ વિગેરે મુદ્દે વિચાર વિમર્શ થયા હતા અને ટ્રસ્ટીઓની પ્રસ્તુત યોજનાના બદલે અન્ય વૈકિલ્પક યોજના કરવી પડે તે સંજોગોમાં વધુ વિચારણા અર્થે ટૂંક સમયમાં ફરીથી આ સભા બોલવવા ટ્રસ્ટીઓએ નિર્દેશ આપ્યો હતો.


રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે
Since 1982...
Lagna Deep
બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229



## પ્રકાશ સમિતિના ભૂતપૂર્વ સહતંત્રી શ્રી ચંપક જીવાણીની ચતુર્થ પુણ્યતિથિ નિમિત્તે નિબંધ સ્પર્ધા

૨૬ જુલાઈ ૨૦૦૫ બાદ ૨૯ ઓગસ્ટ ૨૦૧૭ના મુંબઈમાં એવો વરસાદ આવ્યો કે જેણે જન જીવન અસ્ત વ્યસ્ત કરી નાખ્યું, મુંબઈ ની લાઈફ લાઈન લોકલ ટ્રેનો ને બંધ કરી દેવામાં આવી, આવા વખતે અનેક લોકો સ્ટેશનો પર અટવાઈ પડયા, કોઈક કંઈ પણ સાધન પકડી મોડી રાતે ઘરે પહોંચ્યા, કોઈક પર્યુષણ પર્વ કરીને કચ્છથી પાછા ફરેલ મુસાફરો પણ હતા, કોઈ ઓફિસમાં જ સૂઈ જવાનું ઉચિત સમજ્યા, કોઈક વળી અટવાયેલાઓની સેવામાં લાગી ગયા, ઘણી સંસ્થાઓએ ભોજન-ચા-પાણીની વ્યવસ્થા પણ કરી, આવા વખતે આપણાં દેશાવરમાં વસતા ભાઈઓએ ફોન કરીને ખબર અંતર પણ પૂછી લીધા.

પોતાની કિશોર અવસ્થામાં તેમજ તે પછી વિદ્યાર્થી સંઘ, પ્રકાશ સમીક્ષા, સમસ્ત મહાજન અને અનેક સંસ્થાઓમાં જેમણે નિષ્ઠાપૂર્વકનું મહત્વનું સામાજિક યોગદાન આપ્યું તે સરળ સ્વભાવી પરમ મિત્ર શ્રી ચંપક જીવાણીની ચોથી પુણ્યતિથિ (૩૦-૯-૨૦૧૭) નિમિત્તે હું એક નિબંધ સ્પર્ધા યોજવા ઇચ્છુક છું.

## વિષય - ૨૯ ઓગસ્ટે હું ક્યાં હતો ?

**પ્રથમ ઈનામ રૂા. ૫૦૦/-, દ્વિતિય ઈનામ રૂા. ૩૦૦/- અને તૃતિય ઈનામ રૂા. ૨૦૦/-**

**જ્ઞાતિજનોએ પોતાના નિબંધો પ્રકાશ-સમીક્ષા પર મોકલવા વિનંતી.**

**લી. ફાલ્ગુન લખમશી મોતા - 096554 26909**

## શેઠ હંસકુમાર ભવાનજી અરજણ ખીમજીના ઉદારદિલ અનુદાને શ્રી તેરા તીર્થે નૂતન નામકરણ થયેલ વિવિધલક્ષી સંકુલ, સાધર્મિક ભક્તિ ભવન, જીવદયા કેન્દ્ર અને અન્નપુર્ણાગૃહનું લોકાર્પણ - ૧૮ ઑગસ્ટ ૨૦૧૭

પરમકૃપાળુ પરમાત્મા શ્રી જીરાવલ્લા અને શામળીયા પાર્શ્વનાથની અસીમકૃપા તથા ગુરુ ભગવંતોના આશીર્વાદથી શેઠશ્રી હંસકુમાર ભવાનજી અરજણ ખીમજી તરફથી તેરા તીર્થની સંસ્થાઓ, મહાજન ટ્રસ્ટને રૂપિયા એક કરોડ અગિયાર લાખ અને પાંજરાપોળને રૂપિયા એકાવન લાખનું માતબર રકમનું અનુદાન મળેલ છે. તે માટે દાતાશ્રીનું સન્માન તથા નામકરણવિધી સમારોહ શુક્રવાર તા. ૧૮-૦૮-૨૦૧૭, શ્રાવણ વદ-૧૧ બપોરના ૨.૦૦ કલાકે રાખવામાં આવેલ હતું. ઉપરોક્ત કાર્યક્રમનું પ્રમુખસ્થાન શેઠશ્રી લક્ષ્મીચંદ ધરમશી મોતા (લાખણીયા) વડાલાવાળાએ શોભાવ્યું હતું. મુખ્ય અતિથી વિશેષ તરીકે શ્રી તારાચંદભાઈ જગશી છેડા (માનનીય ધારાસભ્યશ્રી માંડવી-મુન્દ્રા વિભાગ) પધાર્યા હતા.

અતિથી વિશેષ તરીકે (૧) શ્રી રાજાબાવા યોગેન્દ્ર સિંહજી (અધ્યક્ષ માતાના મઢ જાગીર) (૨) શ્રીમતી દુર્ગાકુમારી બા રુદ્રસિંહજી જાડેજા (તેરા ઠાકોર પરિવાર) (૩) શ્રીમતી હેમાબેન ગુલાબચંદ છેડા - પ્રેરક (નલિયા-બેંગલોર) (૪) શ્રી ભૂપેન્દ્ર મુરજી દંડ (લાખણીયા-નવી મુંબઈ) (૫) શ્રી કલ્પેશ માણેકજી મોતા - પ્રમુખશ્રી મુંબઈ મહાજન (૬) શ્રી મયુર ધ્વજસિંહજી રુદ્રસિંહજી જાડેજા (તેરા ઠાકોર પરિવાર) (૭) શ્રી મહેશ ખીમજી લાલકા - કચ્છ એકમ પ્રમુખ (૮) શ્રી કમલેશ શીવજી વિકમશી (૯) શ્રી હેમાંગ રાયચંદ ધરમશી (૧૦) શ્રી નિશિથ આણંદીલાલ દંડ પધાર્યા હતા.

બપોરના ૨.૦૦ કલાકે દાતાશ્રી શેઠશ્રી હંસકુમાર ભવાનજી અરજણ ખીમજી અને સર્વે અતિથી વિશેષોને પાઘડી પહેરાવી ગામવાસીઓએ આમંત્રિત મહેમાનો સાથે વાજતે ગાજતે પાંજરાપોળ તરફ પ્રયાણ કર્યું હતું.

ગુરુદેવ પ.પૂ.સા. શ્રી કાવ્યગુણાશ્રીજી મ.સા. દ્વારા માંગલિક પઠન બાદ વાક્ષેપના છાંટણા કર્યા બાદ શ્રી ખીમજી પરિવાર, શ્રી નરશી પરિવાર, શ્રી છેડા પરિવાર તથા શ્રી શાહ પરિવાર અને સર્વે અતિથી વિશેષો દ્વારા (૧) શ્રી તેરા પાંજરાપોળનું નૂતન નામકરણ 'શેઠશ્રી હંસકુમાર ભવાનજી અરજણ ખીમજી જીવદયા કેન્દ્ર ' નામે કરવામાં આવ્યું. તેવી જ રીતે (૨) શ્રી તેરા જૈન મહાજનવાડી સંકુલને 'શેઠશ્રી ભવાનજી અરજણ ખીમજી - શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન વિવિધલક્ષી સંકુલ - તેરા' (૩) શ્રી તેરા જૈન મહાજન હસ્તક ભોજનાલયને 'માતુશ્રી ઝમકુબાઈ ભવાનજી અરજણ ખીમજી સાધર્મિક ભક્તિ ભવન' અને (૪) શ્રી તેરા જૈન મહાજન હસ્તક રસોડા ઘરને 'શ્રીમતી ભારતીબેન હંસકુમાર ખીમજી અન્નપૂર્ણાગૃહ' તરીકે નામાભિધાન કરી નવીન તક્તીઓની અનાવરણવિધિ કરવામાં આવી હતી.

ત્યાર બાદ દાતાશ્રી શેઠશ્રી હંસકુમાર ભવાનજી ખીમજી અને મુખ્ય અતિથી વિશેષ સહ સર્વે અતિથી વિશેષોને માનભેર સ્ટેજ ઉપર બેસાડવામાં આવ્યા હતા. દીપ પ્રાગટ્ય બાદ નવકારમંત્રનું પઠન વસંતબેન કિર્તીકુમાર ધરમશી અને લતાબેન ધીરેનકુમાર મોતા દ્વારા કરવામાં આવ્યું હતું. હાર્તિકા અને નિરાલીબેન ચિરાગ ધરમશી દ્વારા સુમધુર કંઠે સ્વાગત ગીત રજૂ કરેલ હતું. ત્યાર બાદ શ્રી રમેશ નારાણજી દંડ દ્વારા આવકાર પ્રવચન ભાવવિભોર થઈને આપેલ હતું. જેમા મુખ્યત્વે એમણે ખીમજી પરિવારે આ મહાજનને ૧૦૦ વર્ષથી આપેલ સેવાઓનો ઉલ્લેખ કર્યો હતો. દાતાશ્રીના વડીલ ભવાનજીભાઈ કચ્છના પ્રથમ સાંસદ હતા. અને તેઓશ્રી ભારતના બંધારણના સમિતિના સભ્ય હતા. આ પરિવારે મહાજન ટ્રસ્ટ, પાંજરાપોળ અને દેરાસરને તન-મન અને ધનથી સેવા અર્પિત કરી છે. શ્રી રમેશભાઈએ પોતાના પ્રવચનમાં ઉલ્લેખ કર્યો કે દાતાશ્રીના માતુશ્રી ઝમકુબાઈ તથા ધર્મપત્નિ ભારતીબેન સામાજિક કાર્યકર હતા. અને બહેનોના ઉત્થાન માટે તથા મહિલા ઉત્કર્ષ માટે તેમણે ઘણા કાર્યો કર્યા હતા. ત્યાર બાદ રમેશભાઈએ પધારેલ સર્વે અતિથી વિશેષો તથા જુદા-જુદા ગામોમાંથી પધારેલ મહેમાનોને તથા અન્ય મહેમાનોને શબ્દો દ્વારા આવકાર આપેલ હતો.

અતિથી વિશેષ શ્રી નિશિથ આણંદીલાલ દંડે જણાવેલ હતું કે દાતાશ્રી હંસકુમાર ભવાનજી અરજણ ખીમજી જ્ઞાતિના યુવકોના ઉત્કર્ષ માટે હંમેશા તત્પર રહે છે. તેમણે એક દ્રષ્ટાંત આપતા કહ્યું કે મેં જ્ઞાતિના એક પ્રોજેક્ટ માટે રજૂઆત કરી કે તેઓએ તરતજ એ પ્રોજેક્ટ માટે આગળ વધવા પ્રોત્સાહિત કર્યા.

અતિથી વિશેષશ્રી હેમાંગ રાયચંદ ધરમશી, શ્રી કમલેશ શિવજી વિકમશી, શ્રી મહેશ ખીમજી લાલકા, શ્રી કલ્પેશ માણેકજી મોતા, શ્રી ભૂપેન્દ્ર મુરજી દંડે પોતાના પ્રવચનમાં શેઠ હંસકુમાર ભવાનજી ખીમજીએ વિવિધ સ્વરૂપે વહાવેલ દાનના પ્રવાહની અનુમોદના કરી હતી. તેમાં ખાસ કરીને જ્ઞાતિની શૈક્ષણિક સંસ્થા વીરજી લધાભાઈ વિદ્યાર્થીગૃહ-મુંબઈને રૂપિયા દસ કરોડનું માતબર દાન આપેલ જેનો ખાસ ઉલ્લેખ કરેલ હતો. તથા તેઓએ વિવિધક્ષેત્રે કરેલ દાનોને બિરદાવેલ હતા.

મુખ્ય અતિથી વિશેષ શ્રી તારાચંદ જગશી છેડાએ પોતાની લાક્ષણિક અદામાં જણાવ્યું હતું કે શેઠશ્રી હંસકુમાર ભવાનજી ખીમજીએ માતબર દાન આપીને પોતાની લક્ષ્મીને શુભલક્ષ્મી બનાવેલ છે. તેમણે પોતાના પ્રવચનમાં ધારદાર રીતે કહેલ હતું કે ધરતીકંપ પછી કચ્છની તાસીર આખી બદલાઈ ગયેલ છે. તેમજ સમગ્ર કચ્છી પ્રજાને તેમણે આહવાન કરેલ કે કચ્છમાં ફરી વસવાનો સમય આવી ગયેલ છે. દરેક કચ્છીએ પોતાના પરિવારમાંથી કમસેકમ એક કુટુંબને કચ્છમાં પુનઃવસાવવાની કોશીશ કરવી જોઈએ.

આ સભાનું સંચાલન શ્રી કુમારભાઈ દંડે કરેલ હતું તેઓએ પોતાની કાર્યવાહી આગળ ધપાવતા આજના ખાસ અતિથી વિશેષ શ્રીમતી હેમાબેન છેડાને આજના પ્રસંગે પોતાના આશીર્વચનો આપવા માટે આમંત્ર્યા હતા. શ્રી કુમારભાઈ દંડે અતિથી વિશેષશ્રીનો પરિચય આપતા જણાવેલ હતું કે આજના આ સમારંભ અને પ્રસંગમાં શ્રીમતી હેમાબેન ગુલાબચંદ છેડાનો ખાસ સહયોગ છે. શેઠશ્રી હંસકુમાર ખીમજી તેઓશ્રીના બનેવી થાય છે. તેઓશ્રીએ શેઠશ્રી હંસકુમારભાઈ ખીમજીને અન્ય સંસ્થાઓમાં દાન આપવાની સાથે પોતાના માદરેવતન તથા ગામ તેરામાં વધારેમાં વધારે દાનની ગંગા વહાવવા પ્રોત્સાહિત કરેલ હતા. જેના ફળ સ્વરૂપે શેઠશ્રી હંસકુમારભાઈ ખીમજીએ તેરા મહાજનની સંસ્થાઓને રૂા. ૧.૬૨ કરોડની માતબર રકમનું દાન આપેલ છે.

શ્રીમતી હેમાબેન ગુલાબચંદ છેડાએ પોતાના પ્રાસંગીક પ્રવચનમાં જણાવેલ હતું કે શેઠશ્રી હંસકુમાર ભાઈને માદરેવતનનું ઋણ અદા કરવા તેરા ગામની આપણી સંસ્થાઓને તેમજ જ્ઞાતિની અન્ય સંસ્થાઓને વધારેમાં વધારે દાન આપવા માટે ફક્ત આંગળી ચીંધેલ છે. મારી આ ભાવનાને શેઠશ્રી હંસકુમારભાઈએ સાકાર કરેલ તે બદલ હું આનંદની લાગણી અનુભવું છું. મારી આ ભાવનાને તેરા મહાજને પ્રેરક તરીકે ગણીને મને જે માન આપેલ છે તે બદલ હું શ્રી તેરા મહાજનનાં સર્વે ટ્રસ્ટીઓનો આભાર માનું છું.

ઉપરોક્ત અતિથી વિશેષોના પ્રાસંગિક પ્રવચનો પહેલા મંચસ્થ સૌ અતિથી વિશેષોનું સંસ્થા વતી માળા પહેરાવી, બુકે અર્પણ કરી તથા શાલ ઓઢાડીને સમાજના વિવિધ મહાનુભાવો હસ્તે બહુમાન કરવામાં આવ્યું હતું. આ બહુમાનનાં કાર્યક્રમમાં માતબર દાનના પ્રેરક શ્રીમતી હેમાબેનનું બહુમાન રજતના શ્રી લક્ષ્મીજીની પ્રતિમાજી અર્પણ કરીને કરવામાં આવ્યું હતું. તથા જુદા-જુદા ગામોમાંથી પધારેલા મહાનુભાવોનું સ્વાગત પણ ફુલના બુકેથી સંસ્થાના કાર્યકર્તાઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

ઉપરોક્ત સર્વે કાર્યવાહી બાદ આજના સન્માનીય દાતાશ્રી તથા શ્રેષ્ઠીવર્ય શ્રી હંસકુમારભાઈ ખીમજીનું બહુમાન તેરા મહાજનના સર્વે ટ્રસ્ટીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. સાથે સાથે તેઓશ્રીએ મહાજનને આપેલ માતબર દાનની અનુમોદના કરતો પ્રશસ્તિ પત્ર તેઓશ્રીને અર્પણ કરવામાં આવ્યો હતો. સાથે ચાંદીની શ્રી લક્ષ્મીજીની પ્રતિમા અર્પણ કરવામાં આવી હતી.

શેઠશ્રી હંસકુમારભાઈએ પોતાના બહુમાનનાં પ્રત્યુતરમાં પોતાના પ્રવચનમાં જણાવેલ કે મારા વડવાઓએ કચ્છ પ્રત્યેની લાગણીના હિસાબે વર્ષોથી તેરા ગામની સામાજિક સંસ્થાઓમાં તન-મન-ધનથી સેવા આપેલ હતી. અમારા ખીમજી પરિવારની આ વંશપરાગત સેવાકિય પ્રવૃતિની લાગણી રહેલ છે. આજે મેં જે કંઈ પણ દાન આપેલ છે ફૂલ નહીં પણ ફુલની પાંખડી રૂપે આપેલ છે. આ દાન બદલ તેરા મહાજનને મારો આભાર માનવાની જરૂરત નથી ખરેખર તો તેરા મહાજને મને મહાજનની સંસ્થાઓમાં સેવા કરવાની તક આપી તે બદલ મારે તેરા મહાજનનો આભાર માનવો જોઈએ. આ સ્થળેથી હું તેરા મહાજનનો આભારી છું કે જેઓએ મને મારા માદરેવતનની સેવા કરવાની તક આપી. આ દાન આપવા બદલ મને પ્રોત્સાહિત કરનાર મારા સાળી શ્રીમતી હેમાબેનનો પણ હું આભાર માનું છું કે તેઓએ મને આ દાન કરવા પ્રેરિત કર્યા.

પોતાના વક્તવ્યને આગળ વધારતા શેઠશ્રીએ જણાવેલ કે તેરા મહાજનનો વહીવટ ખૂબજ સરસ રીતે અને વ્યવસ્થિત ચાલે છે. સૌ ટ્રસ્ટીઓ પોત પોતાની શક્તિ પ્રમાણે મહાજનના વહીવટમાં ફાળો આપી રહ્યા છે. પણ આ વહીવટમાં ખાસ ફાળો બંધુબેલડી શ્રી રમેશભાઈ દંડ અને શ્રી પ્રવિણભાઈ દંડનો છે કે જેઓ પોતાનો અમુલ્ય સમય મહાજનનો વહીવટ સુચારૂ રૂપે ચાલે તે માટે આપી રહ્યા છે.

ત્યારબાદ શ્રી તેરા કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનના સર્વે ટ્રસ્ટીઓએ સાથે મળી બન્ને ભાઈઓનું યથોચીત બહુમાન કરેલ હતું. શ્રી રમેશભાઈ દંડને માળા પહેરાવી સાલ ઓઢાડીને બહુમાન કરવામાં આવ્યું હતું તથા તેમની સેવાઓને બીરદાવતું પ્રશસ્તિ પત્ર અર્પણ કરેલ હતું. તેઓની વિશિષ્ઠ સેવાઓને અનુલક્ષીને તેઓને સોનાની ચેઈન અર્પણ કરવામાં આવી હતી. શ્રી પ્રવિણભાઈ દંડે બહુમાન ન સ્વીકારવા માટેની બાધા હોતા તેઓને ફક્ત પ્રશસ્તિ પત્ર આપી તેઓનું બહુમાન કરવામાં આવ્યું હતું.

પોતાના બહુમાનનાં પ્રત્યુતરમાં શ્રી રમેશભાઈ દંડે

જણાવ્યું હતું કે આ બહુમાન મારૂં નહીં પણ સર્વે ટ્રસ્ટીઓનું છે. અને તેમણે તેઓને અર્પણ થયેલી સોનાની ચેઈન - શ્રી તેરા મહાજનને અર્પણ કરેલ હતી. શ્રી રમેશભાઈ દંડને **'તેરા રત્ન'**ના બીરૂદથી નવાજવામાં આવ્યા હતા. તેરાના ત્રણેય ટ્રસ્ટના મેહતાજી શ્રી ગિરીશ દામોદર મલની સેવાઓને સારા વહીવટ માટે બીરદાવવામાં આવેલ હતી. તેઓશ્રીનો પરિવાર ત્રણ પેઢીથી આ ટ્રસ્ટને સેવાઓ આપે છે. ત્રણે સંસ્થાના દરેક દરેક કર્મચારીગણની સેવાઓને બીરદાવવામાં આવી હતી અને તેમને પ્રત્યેકને શેઠશ્રી હંસકુમાર ભવાનજી ખીમજી તરફથી પ્રતીકાત્મક રૂપે બક્ષીસ આપવામાં આવી હતી. આજની એટલે કે તા. ૧૮-૦૮-૨૦૧૭ની આખા દિવસની સાધર્મિક ભક્તિ શેઠશ્રી ભવાનજી અરજણ ખીમજી તરફથી કરવામાં આવી હતી.

ઉપરોક્ત કાર્યક્રમ બાદ આજના સમારંભના પ્રમુખશ્રી લક્ષ્મીચંદ ધારશી મોતાનું શ્રી તેરા કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનના ટ્રસ્ટીઓએ માળા પહેરાવી તથા શાલ ઓઢાડીને બહુમાન કરવામાં આવ્યું હતું. તેઓને અનુકુળતા ન હોતા તેઓના વતી શ્રી કીર્તી ખેતશી ધરમશી (માસ્તર)એ પ્રવચન વાંચ્યું હતું. પોતાના પ્રવચનમાં તેઓશ્રીએ શેઠશ્રી હંસકુમાર ખીમજીની સેવાઓને બીરદાવેલ હતી. તેઓએ તેરા ક.દ.ઓ. મહાજન તથા તેમના ટ્રસ્ટીશ્રીઓની કાર્યવાહીને પણ બિરદાવેલ હતી. આજના સમારંભના પ્રમુખ તરીકે સ્થાન આપેલ તે બદલ મહાજનશ્રીનો તેઓએ આભાર વ્યક્ત કરેલ હતો.

આજના સમારંભમાં આદીપુરથી શ્રી પદમશી લાલકા, ગાંધીધામથી શ્રી અરવિંદભાઈ લોડાયા, શ્રી લહેરચંદભાઈ ખોના, શ્રી મહેશભાઈ લાલકા, શ્રી મુકેશભાઈ દંડ, નલીયાથી શ્રી લખમશીભાઈ મોતા, શ્રી કિરણભાઈ મોતા, શ્રી મુલચંદભાઈ પદમશી મોતા, કિરણ લખમશી મોતા, શ્રી મહેશભાઈ નાગડા, શ્રી લખમશીભાઈ મોતા, શ્રી નલીયા વેપારી એશોશીએશનના પ્રમુખશ્રી હુકુમતસિંહ જાડેજા તથા અન્ય વેપારીઓ, સુથરીથી શ્રી ચિતરંજનભાઈ છેડા તથા શ્રી કિર્તીભાઈ લોડાયા, અમદાવાદથી શ્રી મલયભાઈ વી. ઝવેરી, ડૉ. પરમાર સાહેબ અને કિરીટભાઈ ઠક્કર, ભુજથી શ્રી રાજેન્દ્ર વીરચંદ શાહ તથા શ્રી અનિલ વીરચંદ શાહ, મુંબઈથી મહાજન પ્રમુખ શ્રી કલ્પેશભાઈ મોતા, શ્રી ચેતનભાઈ મોતા, શ્રી અતુલભાઈ ધરમશી (ડોંબિવલી), માનંદમંત્રી શ્રી રમેશભાઈ હીરજી લોડાયા, શ્રીમતી માલતીબેન ધરમશી, શ્રી ગુલાબભાઈ ચુરલા, શ્રી કમલેશભાઈ વીકમશી, શ્રી હેમાંગ રાયચંદ ધમરશી, સાંધવથી શ્રી ગોવિંદજી પટેલ, મોટી સિંધોડીથી શ્રી મુકેશભાઈ લોડાયા તથા શ્રી કેવલભાઈ સાવલા, બાંઢીયાથી શ્રી નવીનભાઈ લોડાયા, સાંધાણથી શ્રી ગુલાબભાઈ ચુરલા, વારાપધરથી શ્રી ચેતનભાઈ મેઘજી મોતા, જસાપરથી લીલાબેન મણીલાલ ધરમશી, ગાંધીધામથી કચ્છ એકમની કારોબારી સમિતિ, તેરાથી તેરાઠાકોર મયુરધ્વજસિંહ જાડેજા, શ્રી શંકરલાલ ભાનુશાલી, શ્રી લક્ષ્મીદાસ ભાનુશાલી, શ્રી વાલજી ભાનુશાલી, શ્રી જેઠાલાલ ભાનુશાલી, શ્રી ચંદ્રકાંત પ્રેમજી ગોર, શ્રી મામદ કુંભાર, શ્રી કાસમ કુંભાર, શ્રી પ્રેમજી શામજી શારડા, શ્રી ભાવેન્દ્રસિંહ જાડેસા, શ્રી પ્રફુલ્લ જોશી, હુબલીથી શ્રી પદમભાઈ નાગડા, વડોદરાથી શ્રી નિશીથ આણંદીલાલ દંડ, લાખણીયાથી લક્ષ્મીચંદ ધારસી મોતા, શ્રી ભુપેન્દ્ર મુરજી દંડ વગેરે આગેવાનો પધાર્યા હતા.

સમારંભના અંતે આભાર વિધી કરતા મહાજનના શ્રી શાંતિલાલ કલ્યાણજીએ શેઠશ્રી હંસકુમાર ખીમજી, શ્રી લક્ષ્મીચંદ ધારશી મોતા, મુખ્ય અતિથી વિશેષો, શ્રી તારાચંદભાઈ છેડા, શ્રી રાજાબાવા યોગેન્દ્ર સિંહજી સાહેબ (અધ્યક્ષ માતાના મઢ જાગીર), શ્રીમતી દુર્ગાકુમારી બા રુદ્રસિંહજી જાડેજા, શ્રી હેમાંગ ધરમશી તથા શ્રી નિશીથ દંડનું પોતાનું બહુમુલ્ય સમય ફાળવવા બદલ મહાજન વતી આભાર માનેલ હતું.

શ્રી તેરા મહાજનના આમંત્રણને માન આપીને મુંબઈ તથા અન્ય સ્થાનેથી પધારેલ સૌ મહાનુભાવો તથા કચ્છના ગામોથી પધારેલા મહાજનશ્રીના ટ્રસ્ટીઓ, અધિકારીઓ તથા સર્વે સભ્યો, કચ્છના જુદા-જુદા ગામો, જુદી-જુદી જ્ઞાતિના પધારેલ પ્રમુખો, સભ્યો તથા અધિકારીઓ, ભાનુશાળી સમાજ, લોહાણા સમાજ, રાજપૂત સમાજ, રાજગોર સમાજ, બ્રાહ્મણ સમાજ, કોળી સમાજ અન્ય સમાજોના અધિકારીઓ, શ્રી પ્રફુલભાઈ મોતીરામ જોષી, શ્રી રાજેન્દ્ર વીરચંદ શાહ તથા શ્રી અનિલ વીરચંદ શાહનો ખાસ આભાર માનવામાં આવ્યો હતો.

શ્રી રમેશ ચાંપશી નાગડા તથા શ્રી દેવજી જેરામ ભાનુશાળીનો ઈલેક્ટ્રોનીક સેવાઓ માટે, શ્રી રાધેશ્યામ વર્માનો ટેલીફોન સેવાઓ માટે, મહાજનશ્રીના કેટરર્સ શ્રી પદમશી હીરજીનો સ્વાદિષ્ટ ભોજન પીરસવા માટે, તથા શ્રી મહેશ દેવી પ્રસાદ જોષીનો સુશોભિત મંડપ વ્યવસ્થા માટે આભાર માનવામાં આવ્યો હતો. આભારવિધીના અંતમાં તેરા મહાજનની ત્રણેય સંસ્થાના સ્ટાફનો પણ હૃદયપૂર્વક આભાર માનવામાં આવ્યો હતો. ***

# શ્રી તેરા તીર્થે નૂતન નામકરણ થયેલ સંસ્થાઓનું લોકાર્પણ - ૧૮ ઑગસ્ટ ૨૦૧૭







શ્રી તેરા ક.દ.ઓ. જૈન મહાજન તરફથી શેઠશ્રીનું સન્માન



શ્રી ક.દ.ઓ. જૈન કચ્છ એકમ તરફથી શેઠશ્રીનું સન્માન




રમેશભાઈ દંડ તથા પ્રવિણભાઈ દંડ





આવકાર પ્રવચન - રમેશભાઈ નારાણજી દંડ



સુત્ર સંચાલક - કુમારભાઈ બાબુભાઈ દંડ

# શ્રી તેરા તીર્થે નૂતન નામકરણ થયેલ સંસ્થાઓનું લોકાર્પણ - ૧૮ ઑગસ્ટ ૨૦૧૭



મુંબઈ મહાજન પ્રમુખ કલ્પેશ માણેકજી મોતા



ભુપેન્દ્રભાઈ મુરજી દંડ



હેમાંગભાઈ રાયચંદ ધરમશી



C.A. કમલેશભાઈ શીવજી વિકમશી



કચ્છ એકમ પ્રમુખ મહેશ ખીમજી લાલકા



નિશીથ આણંદીલાલ દંડ




હેમાબેન ગુલાબચંદ છેડાનું સન્માન



હેમાબેન ગુલાબચંદ છેડા

# શ્રી તેરા તીર્થે નૂતન નામકરણ થયેલ સંસ્થાઓનું લોકાર્પણ - ૧૮ ઑગસ્ટ ૨૦૧૭



શ્રી તેરા મહાજન દ્વારા રમેશભાઈ દંડનું સન્માન



સમારંભ પ્રમુખ લક્ષ્મીચંદ ધારશી મોતાનું સન્માન





નલીયા મહાજન પ્રમુખ મુલચંદ પદમશી મોતા



મણીલાલ દામોદર મલ




ધારા સભ્ય તારાચંદભાઈ છેડા



આભાર દર્શન - શાંતિલાલ કલ્યાણજી લોડાયા

# શ્રી તેરા તીર્થે નૂતન નામકરણ થયેલ સંસ્થાઓનું લોકાર્પણ - ૧૮ ઑગસ્ટ ૨૦૧૭



તેરાની સર્વે સંસ્થાઓના વ્યવસ્થાપક ગિરીશ દામોદર મલ



ઉપસ્થિત મહેમાનો



## તેરા તીર્થે નૂતન નામકરણ પ્રસંગે શેઠશ્રીનું મનનીય પ્રવચન

આજે મારા હર્ષની કોઈ સીમા નથી કારણ કે તમે બધા અહિંયા સન્માન કરવા ભેગા થયા છો. કોનું સન્માન ? મારું ? નહીં. આ સન્માન છે મારા દાદાશ્રી શેઠશ્રી અરજણ ખીમજી અને મારા પિતાશ્રી શેઠશ્રી ભવાનજી અરજણ ખીમજીનું, હું ઋણી છું એમનો જેમની પરવરિશ, સંસ્કાર અને શિક્ષા મને આ મુકામે લઈ આવી છે. એમનો જે સમાજ પ્રતિ એમના પ્રેમ ભાવના અને ઉદારતા હતી એ આજે મારામાં વહી રહી છે અને જેના કારણે આ કાર્ય કરી શક્યો છું. આમાં મારા માતુશ્રી જમકુબાઈ અને મારા ધર્મપત્ની ભારતીનું પણ યોગદાન છે. આજનું આ સન્માન મારા વડિલોના ચરણોમાં અર્પણ કરું છું. મારા પરિવારને મારા કોટી કોટી પ્રણામ. હું જે પણ છું તે મારા વડિલોના લીધે છું.

જ્યારે જ્યારે મારા ભાઈબંધ અને યાત્રિક અહિં આવશે અને આ નામ વાંચશે ત્યારે મારું હૈયું ગર્વ મહેસૂસ કરશે.

તા. ૩૧ ડિસેમ્બર ૨૦૧૬ ના રોજે રમેશભાઈ, પ્રવિણભાઈ, હેમાબેન અને હું વાતો કરતા હતા ત્યારે પ્રવિણભાઈ એ ટહુંકો કર્યો કે શેઠ આપને તેરા માટે કાંઈક કરવું જોઈએ. આ ટહુંકા ને હેમાબેને ઝીલી લીધો અને મને આ કાર્ય માટે પ્રેરીત કર્યો. હું આભારી છું એમનો.

તેરા મહાજન અને ટ્રસ્ટીઓ જેમણે મને આ તક આપી. એમનો ખૂબ આભાર. હું આભારી છું તમારા બધાનો જે પોતાનો અમૂલ્ય સમય કાઢીને આ પ્રસંગે ઉપસ્થિત થયા છો. તમારી શુભેચ્છા અને આશીર્વાદ મારા માટે અમૂલ્ય છે.

અત્રે યાદ આવે છે મારા પૂજ્ય માતાતુલ્ય ગુરૂ મહારાજ સાહેબ વિદ્યુતપ્રભાશ્રીજી, શ્રી સંઘની વિનંતીને માન આપીને સંવત ૨૦૩૧ માં અત્રે ચોમાસાનો લાભ આપેલ. એ દરમ્યાન મારા કાકીશ્રી રતનબાઈ પણ અત્રે હાજર હતા. પ.પૂ. મહારાજ સાહેબના સલાહસૂચન અને એમની રાહબરી હેઠળ તેરા ગામની આધુનીક પ્રગતીના મંડાણ થયા અને આજે આ મુકામે પહોંચ્યા છીએ. મારા કાકી રતનબાઈનો આમાં સિંહ ફાળો છે.

આપણે અહિં આ બધું સુંદર વ્યવસ્થિત સુચારુ વહીવટ જોઈ રહ્યા છીએ, માણી રહ્યા છીએ, પણ આપણે તો થોડા વખતમાં ચાલ્યા જશું તે પછી આ તીર્થની જે સાર સંભાળ લેવાઈ રહી છે તેનો શ્રેય શ્રી રમેશભાઈ અને શ્રી પ્રવિણભાઈ ને જાય છે. આપણે એમનો જેટલો પણ આભાર માનીએ તે ઓછો છે. આ સાથે મેનેજર ગીરીશભાઈનું વહીવટી યોગદાન પણ સરાહનીય છે. એમના દાદાશ્રી કાનજીભાઈ, પિતાશ્રી દામોદરભાઈ પણ આ ગાદી પર હતા અને તેરાનો સ્ટાફ પણ આપણી પ્રશંસા માગી લે છે.

આજે મારા પરિવારે જે પણ ફૂલ નહીં પણ ફૂલની પાંખડીનું યોગદાન આપેલ છે. આ મારો નાનકડો અંગત પરિવાર છે. આપ બધા મારા બહોળા પરિવારના સભ્ય છો. તો વિચાર કરો કે આપણે બધા સાથે મળીને આપણી, જ્ઞાતિ માટે શું ન કરી શકીએ ? આજે જરૂરિયાત છે શૈક્ષણિક, વૈદ્યકીય અને આપણા આર્થિક રીતે નબળા પરિવારોને સબળા બનાવવાના પ્રયત્નો કરીએ, તો આપણો સમાજ ક્યાં ને ક્યાં પહોંચી જાય. આપણે આપણા માટે ઘણું કરી લીધું ચાલો હવે કંઈક સમાજ માટે કરીએ. આપણે જોઈએ કે આપણું કોઈ બાળક અશિક્ષિત ન રહી જાય. આપણાં કોઈ દવાના અભાવના કારણે હેરાન ન થાય, કોઈ પરિવાર આર્થિક રીતે મુંઝવણ ન અનુભવે.

બધા સાથે મળીને માતૃભૂમિ નું ઋણ અદા કરવાનો પ્રયત્ન કરીએ. મારે કહેવાનું તો ઘણું છે પણ સમયની મર્યાદાને ધ્યાનમાં રાખીને હું અહીંજ વિરમું છું.

**ફરી એકવાર બધાને ધન્યવાદ.**

પાંચેક મહીના પહેલાં, મુંબઈ મહાજનશ્રી અને અનંતનાથજી ટ્રસ્ટ દ્વારા 'અનંતછાયા' (ઘાટકોપર)માં નૂતન ત્રિશિખરીય દેરાસરજીની પ્રતિષ્ઠા યોજાયેલ, જેમાં ટ્રસ્ટે કરેલ અપીલના પ્રતિસાદમાં મારા કુટુંબે પણ યથાશક્તિ ફાળો નોંધાવેલ. આ મહોત્સવ દરમ્યાન શાશ્વતી આયંબીલની ઓળીનાં પ્રથમ મહાન દિવસે કંકુ છાટણાંનો કાર્યક્રમ રખાયેલ આવા પુનિત દિવસે ટ્રસ્ટ/મહાજન દ્વારા લીલોતરી, અભક્ષ્ય (બરફ) વગેરે વપરાયા તે બિલ્કુલ યોગ્ય નથી. પૂ. સાધ્વીજી ભગવંતો પણ ખાસ કંઈ વહોર્યા વગર ગયા તે પણ કેટલું દુઃખદાયક છે. જૈન ધર્મના મૂળ મુદ્દાઓનું આપણે અવશ્ય પાલન કરવું રહ્યું. જમણવારમાં અભક્ષ્ય ન વપરાય અને ચૌવિહાર ફરજીયાત થાય તે અત્યંત જરૂરી લાગે છે.




બીજી વાત કે અનંતછાયાનું રી-ડેવલપમેન્ટ એક ટ્રસ્ટીઓની ટીમ દ્વારા શરૂ થયું. બીજી ટીમ દ્વારા તેને વેગ મલ્યો અને સર્વે ભાડુતોને ભાડાના રૂમમાંથી ઓનરશીપનો ફ્લેટ મલ્યો. પહેલાં આ ફ્લેટ ભાડા ઉપર આપેલ અને ભાડુત સક્ષમ થયા પછી પાછા આપવાની શરતે આપેલ હતા અને હવે ભાડાની રૂમમાંથી ઓનરશીપ થયું. પહેલાં જે કીંમતે ફ્લેટ હતા તે હવે આ ૬૦ ફીટ રોડ ઉપર કે રાજાવાડી પાસે ભાવ આસમાને ગયેલા છે અને કદાચ ફ્લેટની કીંમત ૧.૨૫ થી ૧.૫૦ કરોડ થવા જાય છે. ગત વર્ષોમાં અનંત છાયાના રી-ડેવલપમેન્ટ માટે ઘણાં લેખા-જોખા થયા, કોર્ટ કચેરીના ધક્કાઓ થયા તે બાબત ઉપર હવે પૂર્ણ વિરામ છે પણ પહેલાંના ભાડુતો જે હવે ફ્લેટ ધારકો છે તેમની સાથે જ એગ્રીમેન્ટ થયું તેમાં ટ્રસ્ટ માટે/મહાજન માટે સારી એવી રકમ ફરજીયાત ફાળવવી જ જોઈએ. અહિં તો એવું થયું કે પ્લોટના પૈસા ટ્રસ્ટને મલ્યા પણ જે ટ્રાન્સફરની રોજીંદી/વાર્ષિક આવક હતી તે તો ટ્રસ્ટે ગુમાવી. મારૂ નમ્ર સૂચન છે કે ઓછામાં ઓછા રૂા. ૫,૦૦,૦૦૦/- (રૂપીયા પાંચ લાખ પૂરા) દરેક ભાડુત પાસેથી લેવા જ જોઈએ અને જે આપી શકવા સમર્થ ન હોય તેમને બેંક લોન અપાવીને પણ ટહેલ નાખવી જોઈએ, જેને હજી પણ મોડું થયું નથી અને ટ્રસ્ટીઓએ તે માટે પગલાં લેવા જોઈએ. હવે જ્યારે અનંતસિધ્ધિનું રી-ડેવલપમેન્ટ શરૂ થાય ત્યારે આ બાબત ભૂલાઈ ન જાય કારણ કે આ બાબત ફક્ત ટ્રસ્ટ અને ભાડુતોની નથી પણ સમગ્ર મુંબઈવાસીઓની કે સમગ્ર જ્ઞાતિની છે. તે પ્રમાણે આપણી ઐરોલીમાં મહાજન વાડીનું બાંધકામ લગભગ ૭૫ થી ૮૫ ટકા સુધી પૂર્ણ થયેલ છે. તો આ માટે અલગ ભંડોળ ઉભું કરવા જરૂરથી ટહેલ નાખી શકાય. આ વાડી માટે એક જનરલ બોડી મિટીંગ બોલાવીને ત્વરિત નિર્ણય લઈ શકાય. જે પણ થોડું ઘણું કામ બાકી રહેલ છે તે જલ્દીથી પૂર્ણ થવું જોઈએ. આપણી જ્ઞાતિમાં વીરજી લધાભાઈ વિદ્યાર્થીગૃહનો પ્રોજેક્ટ હમણાંજ પૂરો થયો ત્યારે લોકોએ ખોબલા ભરીને દાન આપ્યું. આ માટે રૂમના દાતા, હોલના દાતા વગેરે નામો આપી, ટહેલ નાખી ફંડ જમા કરી શકાય. અત્યારે તો લગભગ લગભગ તૈયાર થયેલી મહાજનવાડીના પ્રોપર્ટી ટેક્ષના બીલ ભરવા પડે છે. મહાજનશ્રીને કોઈ આવક થતી નથી અને થયેલું બાંધકામ જાળાં-ઝાંખરા, બંધિયાર અવસ્થામાં દિન પ્રતિદિન બહતર થતું જાય છે. મહાજનશ્રીના અધિકારીઓએ અહમનો વિષય ન બનાવી આ વાડી ધમધમતી શરૂ થઈ જાય તે દિશામાં પ્રયત્નો કરવા જોઈએ. મારા ઉપરોક્ત વિચારોને હકારાત્મક દૃષ્ટિકોણથી લેવા નમ્ર વિનંતી.

**– નરેન્દ્ર શામજી દંડ**, મુલુંડ

## કલીકટમાં પર્યુષણ આરાધના

કલીકટમાં પર્યુષણની આરાધના શ્રી કલીકુંડ પાર્શ્વનાથ જિનાલય મધ્યે શ્રી કલીકટ અચલગચ્છ સંઘ અને તપા ગચ્છ સંઘ દ્વારા ભાવપૂર્વક થઈ હતી. સ્વપ્નાનું કુલ ઘૃત ૪૨૫૪૨૬ મણ અને તે ઉપરાંત ૮ દિવસમાં વિવિધ ચડાવાનું ઘૃત ૪૮૦૭૭ મણ થયેલ કલ્પસુત્ર પધરાવવાનો લાભ ૧૦૦૧ મણમાં શ્રી દીપક વેલજી શાહ પરિવારે અને પ્રભુજી નો પારણું પધરાવવાનો લાભ ૧૫૧ મણમાં જલસા ગ્રુપે લીધેલ. ધર્મઆરાધના કરાવવા મુંબઈથી આર્યરક્ષિત વિદ્યાપીઠનાં શ્રી નિરવ પ્રબોધ ગડા તથા શ્રી જય ભુપેન્દ્ર શાહ પધારેલ. ૮ દિવસ રોજ સવારના ભક્તામર, રાઈ પ્રતિક્રમણ, પ્રભુજીની પૂજા, વ્યાખ્યાન, બપોરના પૂજા, સાંજના પ્રતિક્રમણ, ધાર્મિક-ચર્ચા, ભક્તિ ભાવના કરવામાં આવેલ. તપસ્વીઓમાં શ્રી જેનીલ કીરીટ દંડ અને તપાગચ્છનાં ત્રણની અઠ્ઠાઈ હતી.

## શ્રી જખૌ રત્નટૂંક જૈન દેરાસર

જખૌ ગામમાં પર્યુષણ પર્વ રૂડી રીતે ઉજવાઈ ગયેલ છે. પર્યુષણ પર્વ દરમ્યાન બહારગામથી ૯૫ જણની સંખ્યા આવેલ તથા ગામના ૫૫ જણા કુલ સંખ્યા ૧૫૦ જેવી હતી. ગરત ચડાવો કુલ મણ ૧૯૩૧૮૫ જેવું થયેલ છે. ૫૦૧ મણ પારણાનું, ૧૦૦૧ મણ કલ્પસૂત્ર (પોથી)નું તથા અન્ય સ્વપ્નના ૧૯૧૬૮૩ મણ ચડાવા થયેલ છે તથા તપશ્ચર્યામાં એકાસણા, બયાસણા ઉપવાસ તથા અઠ્ઠાઈ વિગેરે સારી રીતે થયેલ છે. ચાર્તુમાસ નિમિત્તે પ.પૂ. મુનિશ્રી વીરશેખરસાગરજી મ.સા. અત્રે છે. તેમની અમૃતવાણી દરરોજ વ્યાખ્યાન વિ.ની આરાધના કરાવેલ છે.

**અઠ્ઠાઈ તપ :** ૧) શ્રી વિજયભાઈ મોતા, મુંબઈ ૨) શ્રીમતી મંજુલાબેન નવીનચંદ્ર પોલડીયા, મુંબઈ ૩) શ્રીમતી ચંદ્રકલાબેન બી. મૈશેરી, મુંબઈ.

# પપ્પા પ્રત્યેનો પ્રેમ દીકરીની નજરે



વનિતા વિશ્વ

એ...આવી.... પપ્પા...આ આવી....! પિતાનો આવાજ કાને પડતાં એજ મનગમતી પ્રવૃત્તિમાં ગળાડૂબ હોવા છતાં દોડતી, થનગનતી હોંશભેર પપ્પાની સેવામાં હાજર થઈ જાય એનું નામ દીકરી. કોઈવાર પોતાનાથી કોઈ નાનીઅમથી પણ ભૂલ થઈ જાય તો તરત જ માને કહેશે, પપ્પાને ના કહીશ, નાહક પપ્પા દુઃખી થશે, એમનો જીવ બળશે. આમ જીવનભર એક દીકરી ત્યાગ-સમર્પણની ભાવના સાથે પિતાની નજરે ઉચ્ચ જીવન જીવવા ઈચ્છે છે. પોતાના વાણી-વર્તનથી પિતાને દુઃખ થાય એવું દીકરી સ્વપ્ને પણ ઈચ્છતી નથી. દીકરીને ખબર છે કે મારી સફળતા, પ્રગતિ, શિક્ષણ, સદ્ગુણો અને મારું હાસ્ય એ જ મારા પિતાની ખુશી છે, આનંદ છે.

સાગર સમા પિતાના હૃદયનો એક ધબકાર જીવવા માટે અને બીજો ધબકાર દીકરીનાં સુખ અને પ્રગતિ માટે સતત કાર્યશીલ હોય છે. જીવનરૂપી બાગમાં પ્રગતિ અને સદ્ગુણો ખીલવવા દીકરી માટે મીણ જેવું કોમળ હૃદય ધરાવનાર પિતા સમય આવ્યે કઠોર પણ બની શકે છે. દીકરીના જીવનમાં શિક્ષણ અને સદ્ગુણો માટે હંમેશાં સજાગ અને પ્રયત્નશીલ રહે છે.

સાસરિયાંમાંથી અવાર-નવાર દીકરી પિયર એટલા માટે જ આવે છે કે મારા પિતાની દિનચર્યા હું નજરોનજર જોઈ આવું. પિતાની વધતી ઉંમર સાથેની તકલીફો પર સૌપ્રથમ દીકરીની જ નજર પડે છે. એને લાગે કે કામધંધાના કારણે પિતા સમયસર જમતા નથી કે ખાવામાં પરેજી પાળી શકતા નથી તો સમય આવ્યે એ જ દીકરી બાપની દાદી કે નાની બની જાય છે અને ધરાર પરેજી પળાવે છે, માને કહે છે પપ્પાની ચામાં એલચી કેમ નથી નાખી...! પપ્પાનાં કપડાં ઝાંખા કેમ લાગે છે? નાનાં ભાઈ-બહેનને પણ કહેતી જાય છે કે જો તું પપ્પાની બરાબર સંભાળ રાખજે, હું હવે નહીં હોઉં. પોતે જે જે કામો કરતી એ વિગતવાર એમને સમજાવી જાય છે.

આમ દિવસનાં અનેક કામો વચ્ચે પણ દીકરી એના પિતાનો વિચાર કરી જ લે છે. દીકરીની આંખોમાં સદાય એના પિતાનો વાત્સલ્યસભર ચહેરો અને સ્મરણો તાજાં જ હોય છે. હૃદયનો એક અલાયદો ખૂણો હંમેશાં એના પિતા માટે અનામત હોય છે. એના પર કોઈ રાજ કરી શકતું નથી. જ્યારે જ્યારે એકાંત મળે ત્યારે એ હૃદયનો અલાયદો ખૂણો ખોલી યાદની પાંખો પર બેસી સસરાનું પ્રાંગણ છોડી પિયરના આંગણમાં, ગામની શેરીઓમાં પિતાની લગોલગ પહોંચી જાય છે. સિનેમાની પટ્ટીની જેમ એક પછી એક સંસ્મરણો સ્મૃતિપટ પર છવાઈ જાય છે.

પા...પા... પગલી કરાવતા પિતા, પોતાના પગ પર ઈચકદાના કરાવતા પિતા, બગીચાની લપસણીમાંથી સીધી પોતાની બાહોમાં સમાવી લેતા પિતા, ધોધમાર વરસાદમાં તેડીને ભીંજવતા પિતા, પોતાની નાનામાં નાની પ્રગતિને ઉત્સવની જેમ ઊજવતા પિતા, પહેલી વાર કાચી-પાકી બનાવેલી રસોઈ પણ ખૂબ જ પ્રેમ અને રસપૂર્વક જમતા, પોતાની માતા અને પિતા વચ્ચે થતા મીઠા-ઝઘડામાં એક સફળ વકીલ બની હંમેશાં દીકરીની તરફેણમાં કેસ લડતા અને જીતાડતા પિતા, દીકરીના નામની પાછળ પોતાના નામની જગ્યાએ અજાણી વ્યક્તિનું નામ મૂકી રડતી આંખે વિદાય આપતા પિતા, નાનપણના પિતૃ વાત્સલ્યના અગણિત સંસ્મરણોને પાનેતરના પાલવમાં પરોવી ગાંઠે બાંધી વહાલનો દરિયો આંખમાં ભરી દીકરી પિતૃગૃહેથી વિદાય લે છે. જ્યારે જ્યારે દીકરીને પતિ કહે છે કે, ચાલ તારા પિયર જઈ આવીએ, બધાને મળી આવીએ ત્યારે દીકરીને પતિમાં પરમેશ્વરનાં દર્શન થાય છે. પિતાની છાયા ગુમાવેલી દીકરીનું મન ક્યારેય માનવા તૈયાર નથી થતું કે એના પિતા હવે એની સાથે નથી. હરપળ-હરક્ષણ એનો સાક્ષાત્કાર અનુભવે છે. ઊગતા સૂર્યમાં પોતાના પિતાની છબિ નિહાળે છે, તો રાતની નિરવ શાંતિમાં આકાશના અગણિત તારામાં પોતાના પિતાને શોધતી રહે છે. ભલે વર્ષોનાં વર્ષો વીતી જાય, પણ પિતાની પ્રેમવર્ષાને એ ક્યારે ભૂલી શકતી નથી. એંસી વર્ષનાં માજી પાસે પણ એના પિતાની વાત કરશું તો એના દાંત વગરના અને કરચલીવાળા ચહેરા પર પણ બાળપણનું માસૂમ હાસ્ય છવાઈ જાય છે.

– **શીતલ મહેતા**, 'જન્મભૂમિ'માંથી સાભાર


કલા – કસબ અને કલરનો અનોખો સમન્વય

જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ

Sachi Jari maate real nam

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / રવિવારે બંધ Sunday Closed
Originally at Zaveri Bazar since 1976

ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 મો. 088057 55551

યુ. કે. ખીમજી એન્ડ કું. હળદર - જનરલ વ્યાપારી

વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.

## કચ્છી કસબ - ૧૦૬

રચયિતા : જયકાંત મોતા - ઘાટકોપર (તેરા)
૯૮૧૯૬ ૨૮૩૮૨

[redacted]

**આડી ચાવીઓ -**

૧) અજંપો (Restlessness) (૩)
૩) ઇલાયચી (Cordamon) (૩)
૫) મધ્યની (Middle One) (૩)
૭) ચાંપલાશ (To make Fuss)(૪)
૮) એક (One) (૩)
૯) ગંદુ (Dirty) (૧)
૧૧) માટી (ધૂર) (૨)
૧૩) રડ (Cry) (૧)
૧૪) ગપ્પા મારવા (Make Gossip) (૩)
૧૫) ચોવીહાર (To Eat before Sunset) (૪)
૧૮) પેંડો (One kind of Sweet) (૨)
૧૯) નજીકમાં (Nearby) (૩)
૨૧) અદલાબદલી (Exchange) (૬)
૨૩) ઝાકળ (Dew) (૨)
૨૪) ઓઢવાનું (Blanket) (૩)
૨૬) કાળજી (Care) (૩)
૨૮) પ્રકાશ (Light) (૩)
૩૦) લીધું (Taken) (૨)
૩૧) કુદાવવું (To Jump) (૩)
૩૨) ઓળખીતો (Relative) (૨)
૩૩) ઇંડું (Egg) (૨)

**ઊભી ચાવીઓ -**

૧) વાંક (Fault) (૩)
૨) ખડે પગે હાજર થવું (Always Ready to Help) (૩)
૩) ગીલીદાંડાની (One kind of Indian Outdoor Game) (૪)
૪) કંટાળા જનક દૈનિક કામ (Monotonous Daily Work)(૩)
૫) વચલો (Middle One) (૩)
૬) ચાવવું (To Chew) (૨)
૧૦) ચેહરો (Face) (૨)
૧૧) ગાલ (Cheek) (૨)
૧૨) નાકનું ઘરેણું (Ornament of Nose) (૨)
૧૫) બાજુબાજુમાં (Close by) (૪)
૧૬) ગાદલામા પાસા ઘસવા (To Toss in Bed) (૬)
૧૭) આંબો (Mango) (૨)
૨૦) મહેમાન (Guest) (૩)
૨૨) તપખીર (Shuff) (૩)
૨૪) સૂતા સૂતા અવાજ કરવે (Sound while Sleeping) (૩)
૨૫) મિજાસ (Temper) (૩)
૨૭) ચમચાગીરી (૩)
૨૯) ફક્ત (Only) (૨)

**ઉકેલ : આડી ચાવીઓ -**
(૧) અસોખ (૩) એરાચી (૫) વેચલી (૭) ચોરચબ (૮) એકડો (૯) છી (૧૧) મે (૧૩) રુ (૧૪) ચોવર (૧૫) અનાથઇ(૧૮) પેડો (૧૯) મુરમે (૨૧) અદલભદલ (૨૩) માંક (૨૪) ઉઢણ (૨૬) સંભાર (૨૮) ઉજારો (૩૦) ગેડા (૩૧) ટપઇ (૩૨) સગો (૩૩) ઇનું

**ઊભી ચાવીઓ -**
(૧) અવકા (૨) ખડાંક (૩) (૪) ચીચોડી (૫) વેચટ (૬) ચબ (૧૦) ડાચો (૧૧) મેટ્ટી (૧૨) નથ (૧૫) અડોઅડ (૧૬) ઓથલમકડા (૧૭) આમુ (૨૦) મેમાંણ (૨૨) ભજર (૨૪) ઉકાંટ (૨૫) મેજાસ (૨૭) ભાટાઇ (૨૯) રોગો

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## ઠેરઠેર પર્યુષણ પર્વ ઉમંગ - ઉલ્લાસથી સંપન્ન થયા

### ભાંડૂપમાં પર્વાધિરાજ પર્વારાધના

આદેશ્વર દાદા દરબારે પૂ. સા. શ્રી ધર્મપ્રિયાશ્રીજી મ.સા. આદી ઠાણા ચારની ચૈતન્યશીલ નિશ્રામાં પર્વ પાંચે આગળીયે પોંખાયો સવાર-સાંજે ઢોલ શરણાઈએ મુજરો, રાઈ-દેવશી પ્રતિક્રમણ પૂજા વ્યાખાન પ્રભાવના આંગી રાશ ગરબા ભાવના વગેરે અનેક કાર્યે પર્વ ધબકતો રહ્યો. સા. ભગવંતે પાંચ કર્તવ્યો ઉપર વિશેષ સમજ આપી. કલ્પસૂત્ર પોથીજી ૩૦૦૧ મણમાં માતુશ્રી તારાબેન હિરાચંદ નાગડા, બાંઢીયા વાલાએ પધરાવી. રાત્રી જાગરણ કરાવી. પ્રભાવના કરી, સંઘના સભ્યોએ. ગીતા લહેરચંદ લોડાયાના ડાયરેકશને ભાવ ગીત-નૃત્ય-નાટીકા સાથે તારક મહેતાના ઉલ્ટા ચશ્મા ની રજુઆતે કીંજલ જય ડાઘાએ દયા ભાભી અને કુ. ફોરમ ગોશરે બાપુજીની આબેહુબ નકલ કરી. સૌ કલાકારોને કદરદાનોએ રૂા. ૨૫૦૦૦/- ના ઇનામે વધાવ્યા. પોથીજીની રથયાત્રા એલ.બી.એસ. માર્ગ ઉપર ફરી. ગુરૂદેવને બારસા સુત્ર રૂા. ૧૧૧૧૧/- ના આદેશે પુરબાઈ માણેકજી મોતા જલગાંવ વાળાએ વહોરવતાં પાંચ પરિવારોએ ચઢતા પરિણામે પૂજન કર્યું. મોક્ષની બારી ૬૦૦૧ મણમાં પુષ્પાબેન દામજી લોડાયાએ ઉઘાડી વીર જન્મના વાંચનની વધાઈ એ માતુશ્રી ઝવેરબેન પદમશી ખોના પરિવાર તરફથી ગોળની પ્રભાવના, બારસા સૂત્રના શ્રવણે શેઠ શ્રી દામજી નેણશી મોતા હ. હેમંતભાઈ તરફથી ૬૫૦ જણને શ્રીફળ પ્રભાવના થઈ. શાલીભદ્ર શેઠની પેટી રૂા. ૨૨૨૨૨૨/- અ.સૌ. ભાવનાબેન અમીત શાંતીલાલ મોમાયા એ ઘરે પધરાવવાનો લાભ લીધો. તપસ્યામાં ઉ. ૧૧/૧, ઉ. ૬/૨૯ જણે કર્યા. ચોથના ચા.મા. લાખેણા + સહાયક દાતા અને સ્વામી ભક્તિના દાતાશ્રીઓની આકર્ષક ટ્રોફી દ્વારા અનુમોદના સૌ તપાત્માઓનું તિલક, માળ, શ્રીફળ અને પાંચ ગ્રા. રજતની ગીનીએ સન્માન થયું.

કરાઈ સંઘની પ્રવૃતિઓમાં અગ્રેસર સૌ શ્રાવક-શ્રાવિકાઓ મહેતાજી હિરેન લોડાયા તથા સ્ટાફની અનુમોદના થઈ. જ્ઞાતિ શિરોમણી શેઠ શ્રી નરશી નાથા અને માતુશ્રી કુંવરબાઈ ને શ્રી નારી શક્તિ હ. ગીતા લોડાયાએ હારાર્પણ કર્યા.

માતુશ્રી પુષ્પાબેન દામજી લોડાયાએ ૧૨૧૧૨ મણમાં વીર પ્રભુનું પારણું ઝુલાવ્યું. રાત્રી જાગરણમાં ભાવના ગરબાએ સૌએ રંગ રાખ્યો. તેમજ છઠ્ઠના શ્રી સંઘને મન ભાવન સ્વામી વાત્સલ્ય કરાવ્યું.

પાંચમના ૧૮ બાળકો સહ બે વડીલોએ પૌસધ વ્રત લેતાં રોકડ રૂા. એ અનુમોદના થઈ.

દાદાશ્રી કલ્યાણ સાગરસૂરીશ્વર મ.સા. પાઠશાળાના નિત્ય પ્રતિક્રમણમાં વૈભવ અને ક્રિયા લોડાયા, મિહીર અને ભૂમી લોડાયા. તેમજ જિતેન્દ્ર અને ઉર્મીલા લોડાયા. રીટા મૈશેરી અને ધારિણી અજાણી અને મધુબેન ડાઘા. ભાવના પોલડીયા અને રાઈ પ્રતિક્રમણે દિનેશ ખોના અગ્ર રહ્યા.

પાઠશાળા ગોવર્ધન નગર ઉપાશ્રય અને આર્ય-રક્ષિત વિદ્યાપીઠ વગેરેમાં ઉચ્ચિત ફાળો નોંધાયો. પર્વનું સુચારૂ સંચાલન લહેરચંદભાઈ મૈશેરી, મનોજ અને વિપુલ લોડાયા અને નિરવ મોતાએ કર્યું.

### પર્વ દરમ્યાન ઘુઆ બંધ સ્વામી ભક્તિ

પ્રાય બૃહદ મુંબઈમાં સર્વ પ્રથમ પર્વ દરમ્યાન સહાયક દાતાશ્રીઓના સહકારે ત્રણેય ટાઈમ સ્વામી ભક્તિ રહી. નિત્ય ચૌવિહાર અને છઠ્ઠના તપસ્વીઓના તપના પારણાં અ.સૌ. માલતી જયંત સોની, સુથરીવાળા તરફથી હોતા. સંઘે ઉચ્ચિત બહુમાન કર્યું ફાઈલ સ્ટાર્સ કેટરીંગ રસોડું સંભાળ્યું.

મહાલક્ષ્મીમાં સ્વપ્નાને ઝુલાવવાનો લાભ ૨૫૦૦થી મણમાં પુષ્પાબેન દામજી લોડાયા અને પધરાવવાનો લાભ ૪૨૦૦૦ મણમાં ડી.વી. શીપીંગ એજન્સી હ. અમીતભાઈ અને પીન્કીબેન કમલેશ ધરમશીએ લીધો.

ભા. શુ. ૬, દાદા દરબારના રંગ મંડપનું દ્વારોઘાટન કુ. હર્ષા કાનજી દંડ, ગંભારો કિરણ નારાણજી મોમાયા અને મહાવીર સ્વામીનો ગંભારો ચી. નવલબેન બાબુભાઈ દંડ પરિવારે લીધો.

સ્વપ્નાનું કુલ મણ ૨૬૮૫૮૬, પર્વનું કુલ મણ ૩૨૮૫૭૬ થયું.

વહાણ ઝુલાવવા - પધરાવવાનો લાભ ચડતા ભાવે અમીત શાંતીલાલ મોમાયાએ લીધો.

અચલગચ્છાધિપતી પ.પૂ. આ.ભ. ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના જન્મ દિવસે શતાયુની

શુભેચ્છા આપવા એક બસના યાત્રિકો ગયા હતા.

ભા. શુ. બીજના સ્વામી વાત્સલ્ય માતુશ્રી મણીબાઈ નવીનચંદ મોતા હ. ઉલ્લાસભાઈ તરફથી થયું. તન મન ટુર્સ અને ટ્રાવેલ્સ તરફથી તપસ્વીઓને સમ્મેતશીખરજીની યાત્રાના ભાગ્યશાળી ચાર્વિક નિતીન મોમાયા રહ્યા.

મહાભદ્ર તપ સા.શ્રી કૈવલ્યપ્રિયાશ્રીજી મ.સા. આંબીલનો પારણો વરસીતપ સા.શ્રી નવકાર પ્રિયાશ્રીજી મ.સા.

**૧૧ ઉપવાસ**

અ.સૌ. પરિતા રાજેશ મોમાયા (મોટી સિંધોડી)

**૯ ઉપવાસ**

અ.સૌ. સરલા કિરણ મોમાયા (સુથરી)

માતુશ્રી રતનબેન તિલકચંદ મૈશેરી (સાંધાણ)

**૮ ઉપવાસ**

અ.સૌ. ગિતાબેન મુકુંદ મોમાયા (સુથરી), ચિરાગ પ્રવિણ લોડાયા (બાયઠ), હાર્દિક મુલચંદ મૈશેરી (મોટી સિંધોડી), કિરણ નારાણજી મોમાયા (સુથરી), સાગર પ્રદિપ દંડ (લાલા), નરેશ જયંતીલાલ લોડાયા (મોટી ખાવડી), દિનેશ શીવજી ખોના (સુથરી), હિતેશ દિનેશ ખોના (સુથરી), લહેરચંદ દામજી લોડાયા (બાંઢીયા), ભાવેશ દામજી લોડાયા (બાંઢીયા), અ.સૌ. ગીતા લહેરચંદ લોડાયા (બાંઢીયા), અ.સૌ. ડીમ્પલ મનોજ લોડાયા (બાંઢીયા), ભાવિકા ધનેશ લોડાયા (રાપર ગઢવાળી), નેહા ધનેશ લોડાયા (રાપર ગઢવાળી), અ.સૌ. રીધ્ધી ગિતેશ સોની (સુથરી), અ.સૌ. રશ્મિ કિલ્લોલ મોમાયા (સાંયરા), અ.સૌ. દિવ્યા ચંદ્રેશ લોડાયા (રવા), હર્ષા કાનજી દંડ (મૌન), અ.સૌ. કેતકી દિપેશ ડાઘા (વરાડીયા), ઊષ્મા અમિત ડાઘા (વરાડીયા), કલ્પેશ કાંતીલાલ શીયાળ (જખૌ), બિજલ વિરચંદ મોતા (લાખણીયા), કિરણ કિશોર મોમાયા (સાંયરા), ભાવિની જયેશ મૈશેરી (મોટી સિંધોડી), રાખીબેન રાકેશ લોડાયા (કોઠારા), પૂજા હિમ્મતલાલ ખોના (રંગપુર), તન્વી પરેશ મોતા (રાપર ગઢવાળી), ચાર્વિક નિતિન મોમાયા (વરાડીયા)

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - કોઈમ્બતુર

અમારા સંઘમાં પર્યુષણ મહાપર્વ ૧૯-૮-૨૦૧૭ થી ૨૭-૮-૨૦૧૭ સુધી પરમાત્માની અસીમ કૃપાથી ખૂબજ હર્ષોલ્લાસ તેમજ ધર્મારાધના પૂર્વક ઉજવાયા. પર્વની આરાધનાર્થે મુમુક્ષ શ્રાવિકા કમળાબેન દેઢિયા અને કુ. ભક્તિબેન ગાલા મુંબઈથી પધારેલ. તેમને જૈન ગ્રંથોના સૂત્રો ગજબના મૌખિક હતા. તેમજ તેઓ મુંબઈમાં સાધુ સાધ્વી ભગવંતોને જૈનોલોઝી પણ ભણાવે છે. અમારો મહાજન શ્રી આર્યરક્ષિત જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠના શ્રી રામજીભાઈ ઘ્રોળનો આવા જ્ઞાની શ્રાવિકા બહેનોને ધર્મ આરાધનાર્થે મોકલવા બદલ આભાર માને છે.

દરરોજ સવારે પક્ષાલ, પૂજા, સ્નાત્રપૂજા, ભક્તામર સ્તોત્ર, વ્યાખ્યાન, જ્ઞાન શિબિર, પ્રતિક્રમણ અને રાતે પ્રભુ ભક્તિ દ્વારા સભ્યો ધર્મ આરાધનામાં લીન બની ગયા હતા. ભક્તિ ભાવના માટે અમદાવાદ થી શ્રી દીલીપભાઈ પધારેલ.

પર્વ દરમ્યાન વિવિધ ઉછામણીનો લાભ સંઘના દરેક પરિવારે ખૂબજ હોંશે થી લીધેલ.

૧) શ્રી કલ્પસૂત્ર ઘેર પધરાવવાનો લાભ તેમજ વહોરવાનો લાભ - માતુશ્રી લીલાવંતીબેન નવિનચંદ્ર લોડાયા પરિવારે ૬૦૦૩ મણમાં લીધેલ.

૨) ભાદરવા સુદ બીજના પ્રભુજીને પારણામાં પધરાવવાનો લાભ તેમજ પ્રભુજીનું પારણું ઘેર પધરાવવાનો લાભ - માતુશ્રી સરલાબેન રતિલાલ લોડાયા પરિવારે ૧,૩૫,૦૦૦ મણમાં લીધેલ.

૩) શ્રી બારસાસૂત્ર અર્પણ કરવાનો તેમજ શ્રી સંઘને ચિત્ર દર્શન કરાવવાનો લાભ - શ્રીમતી કલ્પનાબેન ઝવેરચંદ વીકમશી પરિવારે ૬૬૬૬ રૂા. માં લીધેલ.

**ભાદરવા સુદ ૬ ને ક્ષમાપનાના દિવસે નીચે મુજબના કાર્યક્રમો યોજોયલ.**

૧) સવારના શ્રી મુનિસુવ્રત સ્વામી જિનાલય દ્વાર ઉદ્‌ઘાટનનો લાભ - શ્રી સુરેશ મણીલાલ મૈશેરી પરિવારે રૂા. ૧૦૦૦૦/- માં લીધેલ.

૨) શ્રી તપસ્વીઓને તેમજ સકળ સંઘને સવારના પારણાં - નવકારશી કરાવવાનો લાભ - માતુશ્રી લીલાવંતીબેન નવિનચંદ્ર લોડાયા, ચિ. વીશીતના ૧૬ ઉપવાસ નિમિત્તે, અ.સૌ. પ્રીતિ નીતિન લોડાયા, ચિ. અંકિતના ૧૧ ઉપવાસ નીમિત્તે, શ્રીમતી રીટા બકુલ ખોના તથા શ્રીમતી જયશ્રી પ્રફુલ મોતા, અ.સૌ. જીનલની અઠ્ઠાઈ નીમિત્તે લીધેલ.

પ્રભુજીનો પારણો સકળ સંઘ સાથે માતુશ્રી સરલાબાઈ રતિલાલ લોડાયાના નિવાસ સ્થાને વાજતે ગાજતે ગયેલ. તે પરિવારે સંઘપૂજન અને પ્રભાવનાનો લાભ લીધેલ. જ્ઞાતિ શિરોમણી શેઠ શ્રી નરશીનાથાના ચિત્રપટને ફુલહાર પહેરાવવાનો લાભ શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવારે રૂા. ૧૫૧૫ માં લીધેલ. સામુહિક ક્ષમાપના બાદ દૂધનો લાભ શ્રી કમલેશ વિરચંદ લોડાયા, ચિ. માનસીની અઠ્ઠાઈ નીમિત્તે અને શ્રી ભરત દામજી લોડાયા, કુ. યાશિકાની અઠ્ઠાઈ નિમિત્તે લીધેલ. બપોરના સ્વામીવાત્સલ્યનો લાભ શ્રીમતી ચંદ્રપ્રભા અશોક ડાઘા, અ.સૌ. ભૈરવીના ૧૬ ઉપવાસ અને ચિ. અનંત ની અઠ્ઠાઈ નિમિત્તે લીધેલ. સાંજના અણાથમી નો લાભ

માતુશ્રી સરલાબાઈ રતિલાલ લોડાયાએ અ.સૌ. કૃતિની અઠ્ઠાઈ નીમિત્તે લીધેલ.

ક્ષમાપના કાર્યક્રમ દરમ્યાન સર્વે તપસ્વીઓ તેમજ આરાધના કરાવનારનું બહુમાન મહાજનના સભ્યોના વરદ હસ્તે કરાવવામાં આવેલ. દેવ ગુરૂની કૃપાથી સંઘમાં તપસ્યા સારી થઈ.

સંવત્સરીના દિવસે બારસાસૂત્ર વાંચન બાદ સકળ સંઘ સાથે સ્થાનિક જિનાલયમાં ચૈત્ય પરિપાટીનું આયોજન કરવામાં આવેલ.

ભાદરવા સુદ બીજના સ્વપ્નનું કુલ ઘૃત મણ ૩,૯૪,૪૯૬ થયેલ. હર વર્ષની જેમ આ વર્ષે પણ મહાજન દ્વારા પર્યુષણ મહાપર્વ દરમ્યાન દરરોજ સ્વામી વાત્સલ્યની સુંદર વ્યવસ્થા રાખવામાં આવેલ. તે માટે મુંબઈ થી નેહા કેટરર્સ (રેખાબેન દંડ) પધારેલ.

આ વર્ષે મહાજન દ્વારા સાધારણ ટીપની ટહેલ નાખવામાં આવેલ જેમાં રૂા. ૫૧૦૦૦/- માં નીચેના પરિવારો ૧) શ્રી દીપકભાઈ બલ્લુભાઈ દેસાઈ ૨) શ્રી દામજી વેલજી ડાઘા ૩) શ્રીમતી મણીબેન નવિનચંદ્ર શાહ અને ૪) માતુશ્રી સુમનબેન રૂપસિંહ ખોનાએ લાભ લીધેલ અને રૂા. ૨૫૦૦૦/- માં ૧) શ્રીમતી કલ્પનાબેન ઝવેરચંદ વીકમશી અને ૨) શ્રી પ્રિયકાંત હીરબાઈ નરશી લોડાયા પરિવારોએ લાભ લીધેલ છે.

આમ પરમાત્મા મુનિસુવ્રત સ્વામીની અસીમ કૃપાથી પર્યુષણ પર્વ ખૂબજ ભક્તિ ભાવથી ઉજવાયા અને સંઘના દરેક પરિવારોએ દરેક કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં હાજર રહેલ.

**તપસ્યાની યાદી**

**૧૬ ઉપવાસ :** કુ. વીશીત લીતિન લોડાયા, અ.સૌ. ભૈરવી હિરેન ડાઘા

**૧૧ ઉપવાસ :** કુ. અંકિત નીતિન લોડાયા

**૯ ઉપવાસ :** કુ. જુહી કેતન લાલકા

**અઠ્ઠાઈ :** કુ. અનંત કુમારપાળ ડાઘા, કુ. માનસી કમલેશ લોડાયા, અ.સૌ. જીનલ હેમાંગ ખોના, અ.સૌ. કૃતિ જીનેશ લોડાયા, કુ. યાશિકા પરેશ નાગડા

**વીશ વિરહમાન તપ :** શ્રી રાજીવ દિપક દેસાઈ

## શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ - મુલુંડ

શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ - મલુંડ દ્વારા આયોજીત શ્રી મહાકાળી માતાજીની ભાવના ૨૪-૯-૧૭ના રાતના ૮.૩૦ કલાકે શ્રી વાસૂપુજ્ય જિનાલય મધ્ધે રાખવામાં આવેલ છે. જેનો લાભ માતુશ્રી દમયંતિબેન હંશરાજ દેવશી દંડ પરિવાર સાંધવ વાળા અને રેડ ગ્રુપ ફેમીલી વાળાએ લીધેલ છે. રીદ્ધી સીદ્ધી મંડળ પધારશે. આવતા કારતક માસની ભાવના ૨૯-૧૦-૨૦૧૭ના છે. જેનો લાભ શેઠશ્રી ટોકરશી દામજી ધરમશી પરિવાર-જશાપર વાળા લેશે.

## શ્રી શ્વેતાંબર જૈન સંઘ, ખિરકિયા

અત્રે પર્વ પર્યુષણ સુંદર આરાધના સાથે સહર્ષ ઉજવાયા. સવારના સ્નાત્રપૂજા, વ્યાખ્યાન સાંજે પ્રતિક્રમણ બાદ સંધ્યાભક્તિ ભાવના વગેરે બધા પ્રોગ્રામ માં સર્વે ઉલ્લાસ થી ભાગ લીધો. આરાધના કરાવવા નીમચ (મ.પ્ર.)થી વિધિકાર સંજયભાઈ પધારેલ.

કલ્પસૂત્ર પધરાવવાનો લાભ માતુશ્રી લક્ષ્મીબાઈ ભવાનજી નાગડા પરિવારે લીધો તથા જ્ઞાનની અષ્ટપ્રકારી પૂજા બધાએ કરી. પ્રભુજીનું પારણું પધરાવવાનો લાભ શ્રી જયંત ચંદુલાલ નાગડા પરિવારે લીધો તેમના ઘરે સકલ સંઘે પગલા કર્યા તથા પરિવાર તરફથી સ્વામી ભક્તિ રાખવામાં આવેલ. સ્વપ્નાનું કુલ ઘૃત ૪૦૬૭૧ મણ થયું.

છઠના દિવસે દ્વાર ઉદ્‌ઘાટનનો લાભ કોચર પરિવારે લીધો તથા સામૂહિક ક્ષમાપના કરવામાં આવેલ. શ્રી સંઘ તરફથી સ્વામી વાત્સલ્ય રાખવામાં આવેલ.

અહીંયા નમિનાથ દાદાનો દરબાર વિવિધ નિત નવલી આંગી રાજશાહી વેશભૂષા તથા દિપકના ચોમેર પ્રકાશથી શોભી ઊઠ્યો સૌના સહકારથી સુંદર આરાધના થઈ. ચૈત્ય પરિપાટી તથા ગુરૂવંદન માટે નાગપુર, ઉવસ્સગહરં તીર્થ વગેરે જગ્યાએ ગયા.

## ચાલીસગાંવમાં પર્યુષણ આરાધના

પૂ. સાધ્વી શ્રી ગુણશ્રીજી મ.સા.ના નિશ્રામાં આર્યરક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠ મુંબઈ (નાગલપુર)થી આઠ દિવસ માટે બે આરાધક બેહેનો સૌ મિનાબેન યોગેંદ્ર નાગડા તથા સૌ. લિલાવંતીબેન ખેતશી ગડા. ચાલીસગાંવ દેરાસરેનાં આરાધના કરવા પધારેલ. પર્વ પર્યુષણ દરમ્યાન વિવિધ તપસ્યા થયેલ.

**૧) અઠ્ઠાઈ :** ચિ. નિશિકા કિશોરભાઈ ધુલ્લા - ભરૂડીયા

**૨) વરસીતપ (બીજો) :** સૌ. પારૂલબેન કિશોરભાઈ ધુલ્લા - ભરૂડીયા

**૩) શ્રી અક્ષય નિધી તપ :** શા. મનિષભાઈ ભવાનજી લોડાયા - કોઠારા, સૌ. ભાવીતાબેન અજીતભાઈ પોલડીયા - બાયઠ, સૌ. કાજલબેન કેતનભાઈ મોમાયા - સાંયરા. ૪૫ આગમના આરાધકો ૧) સૌ. દિપાબેન મનિષભાઈ લોડાયા - કોઠારા, ૨) સૌ. તિલોત્તમાબેન રાજેંદ્રભાઈ લોડાયા - વારાપધર.

બધ્ધાએ આઠ દિવસ ઉલ્હાસ ઉમંગ તથા આનંદથી કાર્યક્રમમાં આવો લાભ લીધેલ. દર વર્ષપ્રમાણે આ વર્ષે પણ

પર્વ પર્યુષણ આનંદથી પાર પડેલ.

## પર્યુષણ મહાપર્વ - મોટી સિંધોડી

૩૦ આરાધકોના સથવારે મોટી સિંધોડી મધે પર્યુષણ મહાપર્વની આરાધના રૂડી રીતે થઈ.

સતત બીજા વરસે પર્યુષણ મહાપર્વનાં સંપૂર્ણ સ્વામી વાત્સલ્યનો લાભ માતુશ્રી રતનબાઈ ભવાનજી લોડાયા પરિવાર હસ્તે અ.સૌ. અનિતાબેન ભરતભાઈ લોડાયાએ લીધો.

પોથી પધરાવવાનો લાભ માતુશ્રી પુષ્પાબેન ચીમનલાલ મોમાયા - વરાડીયાવાળાએ ૫૭૦૮ મણમાં લીધો. રાત્રી જાગરણમાં ગઢવી સમાજના ભાઈઓએ ભારે રમઝટ બોલાવી જ્યારે પારણું પધરાવવાનો લાભ માતુશ્રી કુંવરબાઈ રતનશી આણંદજી મૈશેરીએ ૧૫૧ મણમાં લીધો. સ્વપ્નાનો કુલ ઘૃત ૫૫૮૦૦ મણ થયો. કોઠારા, વરાડીયા, લાલા, વારાપધ્ધર, રાપરગઢ, નાની સિંધોડી, સાંધાણ, નલિયા, તેરા વગેરે અનેક ગામના શ્રી સંઘો પધાર્યા.

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઈના લોક લાડીલા અને યુવા પ્રમુખશ્રી કલ્પેશભાઈ મોતા, શ્રેષ્ઠ શિક્ષક તરીકેનો રાષ્ટ્રપતિ એવૉર્ડ વિજેતા શ્રી દિનેશભાઈ એમ. શાહ, પંચ પરમેષ્ટિ એવૉર્ડથી વિભુષીત, યુવા વિધિકાર શ્રી હર્ષભાઈ દેઢીયા વગેરે મહાનુભાવોનું મહાજનના પદાધિકારી અને ટ્રસ્ટીઓ દ્વારા અભિવાદન કરવામાં આવ્યું. અઠાઈ તપના તપસ્વીઓ શ્રી મુકેશભાઈ લોડાયા, નિર્મળાબેન લહેરચંદ મૈશેરી, વિધ્યાપીઠ તરફથી આરાધના માટે પધારેલ બે બહેનો તેમજ પુજારી બલવંતભાઈનું બહુમાન કરવામાં આવેલ. પાંચ રીટર્ન ટિકિટનાં દાતા બનવાનો લાભ શેઠશ્રી નરપાર મેઘરાજ લોડાયા પરીવારે લીધો.

ગામની સ્કૂલના દરેક વિદ્યાર્થીને શિક્ષણ ઉપયોગી કીટ તથા શિક્ષકગણને સ્મૃતિ ચિન્હ આપવાનો લાભ અ.સૌ. ગીતાબેન રાજેશ મૈશેરીએ લીધો.

ગામના પ્રથમ અને એકમેવ એવા બાલ સાધ્વી પ.પૂ. મલીગુણાશ્રીજી મ.સા.નો ૨૨-૦૮-૨૦૧૭ના જન્મ દિવસ હોવાથી અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ. પૂ. ગુરૂ ભગવંતોનાં દર્શન-વંદનાર્થે ૨૫ ગામવાસીઓનો સંઘ ૨૭-૦૯-૨૦૧૭ના રોજ હૈદરાબાદ તરફ ચૈત્ય પરિપાટીરૂપે પ્રયાણ કરશે.

## પુણે સખીવૃંદ

ભારતમાં પહેરવેશ એ લાગણી, વિશ્વાસ, પરંપરા, સંસ્કૃતિ અને ઓળખનું પ્રતીક છે. જેમાં વિવિધ પ્રકારના કાપડનો વપરાશ થાય છે. આજ કારણે ભારત સરકારે ૭ મી ઑગસ્ટે ''નેશનલ હૅન્ડલૂમ ડે'' જાહેર કરેલ. એને ધ્યાનમાં રાખતા, હિનાબેન ચેતનભાઈ રતાણીએ સખી વૃંદની મિટિંગ ૧૨ ઑગસ્ટના લીધેલ. સભ્ય બહેનો થીમ મુજબ હૅન્ડવૉવેન પોશાકમાં પધાર્યા જે સરાહનીય હતો.

કલા કસબની જાણકારી પર પ્રકાશ પાડવા એમણે મુંબઈ સ્થિત કાશ્મીરાબેન વીરેન્દ્રભાઈ લુઠિયા અને પૂણે નિવાસી, રાધિકાબેન નવરે ને આમંત્રિત કર્યા.

કચ્છ, કલા થી ભરપૂર છે જેમાં ઉત્તમ દર્જાનું ભરતકામ, ઝરી-કામ, બંધેજ બ્લોક પ્રિન્ટીંગ અજરક આદિ જેવા સુંદર ખજાના છે. કાશ્મીરાબેને પ્રાચીન કલા કૌશલ વાળી ચોલીયો જેમાં કસબ, મોચીકામ આભલા, જીક કસબ, ચીરેલી ફ્રેન્ચ નોટ્, ગોટા કામ તથા સિંધી અને પારસી કામ વાળી ૧૨૫ વર્ષ જૂની ૧૦૦ જેટલી ચોલીઓનું ભવ્ય સંગ્રહ કરેલ છે.

સાટીન, બ્રોકેડ, કાંદા ભાત જેવા અનેક સુંદર કાપડ પર કંગની તેમજ ઉપર જણાવેલ દરેક કામ કરેલ, તેના નમૂના પ્રદર્શિત કર્યા, જે અસલ ચાંદી અને સોનાના તારથી બનાવેલ હતા. કલા કારીગરી ફક્ત પોલકાની ડાબી બાજુ, બન્નેબાંય પર જુદી ડિઝાઈન એવા નમૂનાનો સમાવેશ હતો, જેમાં આપણા પૂર્વજોના દીર્ઘદ્રષ્ટિ દ્રષ્ટિગોચર થઇ.

રંગમાં તો અચરજ પામીયે એટલી વિવિધતા હતી. સુંદર નિયોન અને પેસ્ટલ રંગ, આંખો ને ઠારે એવા હતા. એ ઉપરાંત સિલાઈ કામની વિશેષતા તો સોનામાં સુગંધ ભેળવી ગઈ. ચોલીમાં બજરની ડબી રાખવા બે ખીસ્સા, બાંય વગરના તેમજ કજરી જેવા બ્લાઉઝ જોવાનો પણ લ્હાવો મળ્યો. આ સામે આધુનિક યુગના બ્લાઉઝ ઝાંખા પડતા દેખાયા.

કાશ્મીરાબેનનું માનવું છે કે દરેક કચ્છી પરિવાર પાસે આવા અસલી અને કિંમતી નમુના હશેજ; તો આની જાળવણી કરવી બહુજ જરૂરી છે. આવા કિંમતી વસ્ત્રોની સંભાળ રાખવા રસાયણ રહિત કપૂર અથવા લવિંગની પોટલીથી તેનું જીવાત સામે રક્ષણ કરી શકાય. દર વર્ષ સાડીની ઘડી ફેરફાર કરવી.

રાધિકાબેન, જે ટેક્સટાઈલ ટુરિઝમ કરાવે છે, એમણે હેન્ડલૂમ ઓઢણી અને સાડીઓના સુંદર નમૂનાઓ બતાવ્યા. પાવર પોઈન્ટ ની મદદ લઈ રાજસ્થાનની પ્રખ્યાત બગરું અને ડાબું પ્રિન્ટ કેમ બને છે એ સમજાવેલ.

ગુજરાત નો મશરૂ એવમ ઉત્તર કર્ણાટકના ઈલ્કલ, ખન સાથે મહારાષ્ટ્ર ની પ્રસિદ્ધ પૈઠણી પર વિસ્તારપૂર્વક માહિતિ આપેલ. કુદરતી રંગો નો ઉપયોગ, ડિઝાઇન પાડવા બ્લોકનો ઉપયોગ, અને સૌથી મહત્વપૂર્ણ વણકારો ની અદભૂત કળાની પૂર્ણ સમજ આપી જે ખૂબજ રસિક હતી. હિનાબેને રસપ્રદ વિષય પસંદ કરેલ, કાશ્મીરાબેન તથા રાધિકાબેન દ્વારા અપાયેલ માહિતી માંણવાનો અનેરો આનંદ સહુએ લીધો.

## નવા/બદલાયેલા સરનામા/ફોન – (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **ભૂપેશ મૂલચંદ શાહ (મુનવર)** (PS 7327) | સમીપ, ૪૦૧/બી, આઈયા નગર, ઓંકારેશ્વર મંદિરની પાસે, ભુજ કચ્છ - ૩૭૦ ૦૦૧. |
| **શામજી ભવાનજી ઝવેરી (મોમાયા)** (PS 4738) | ૧૦, નીતા બિલ્ડીંગ, ગુરૂમંદિર, રૂમ નં. ૨૫, ગ્રાઉન્ડ ફ્લોર, અણુવ્રત ચોક, મરીન ડ્રાઈવ વેસ્ટ, મુંબઈ-૪૦૦ ૦૦૨. |
| **મમતા ઉમેશ હંસરાજ લાલકા** | ગામ પરજાઉ, હાલ - નીમચ (એમ.પી.) |

જુના નં. (લેન્ડલાઈન) : ૦૭૪૨૩-૨૨૦૧૩૪ - નવા નં. મોબાઈલ : ૯૩૦૧૯ ૦૬૫૨૯ / ૯૧૧૧૫ ૬૦૩૩૭

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯-૦૧-૧૭ | મુલુંડ | પીહર, માનસી કૌશિક શિયાળ | જખૌ | પુત્રી |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૩-૦૯-૧૭ | હુબલી | નયના કિરણ માણેકજી નાગડા (પટેલ) | નલિયા | ૬૩ |
| ૦૪-૦૯-૧૭ | ભાંડુપ | નિખિલ શ્રીકાંત ચીમનલાલ ધરમશી | સુથરી | ૪૫ |
| ૦૬-૦૯-૧૭ | અલ્પઈ | લીલાવંતી કુંવરજી ખેતસી મૈશેરી | કુઆપધર | ૮૮ |
| ૦૭-૦૯-૧૭ | ડોમ્બીવલી | કસ્તૂરી કેશવજી શામજી ધરમશી | સાંધાણ | ૭૨ |
| ૦૭-૦૯-૧૭ | ડોમ્બીવલી | જયાબેન હિરાચંદ ટી. ખોના | મોટી ખાવડી | ૬૬ |
| ૦૭-૦૯-૧૭ | થાણા | કિરણ લક્ષ્મીચંદ દેવશી લોડાયા (અજાણી) | કોઠારા | ૬૪ |
| ૦૮-૦૯-૧૭ | બોરીવલી | આઝાદ કલ્યાણજી ભાણજી છેડા | વારાપધર | ૭૦ |
| ૦૮-૦૯-૧૭ | અંધેરી | જેઠાલાલ આણંદજી નાગડા | વારાપધર | ૭૭ |

**લક્ઝમબર્ગ સિટી** – પાના નં ૨૩ થી ચાલુ

મુડમ મ્યુઝિયમ મોડર્ન આર્ટનું મ્યુઝિયમ છે. સાંપ્રત સમયના દેશ-વિદેશના કલાકારોની કૃતિઓ અહીં પ્રદર્શિત કરવામાં આવી છે. પ્રસિદ્ધ લુવ્ર મ્યુઝિયમની પિરામિડ બનાવનાર અમેરિકન આર્કિટેક્ટ આ મ્યુઝિયમના મકાનની રચના એક કિલ્લાના ખંડેરનો ઉપયોગ કરીને કરી છે. મકાન પોતે જ કલાના નમૂના જેવું છે. ૨૦૦૬માં ખુલ્લા મુકાયેલા મ્યુઝિયમમાં અંદરના સુશોભનમાં બધે આધુનિકતા સ્પષ્ટ નજરે ચડે છે. મ્યુઝિયમ ઊંચાઈ પર છે તેથી અહીંથી શહેરનો સુંદર નજારો જોવા મળે છે. ત્રણ માળના મકાનમાં મૂકવામાં આવેલી કૃતિઓ અમે ફરીને નિહાળી અને અનુભવ્યું કે મ્યુઝિયમ એકવાર જોવા જેવું તો છે.

લક્ઝમબર્ગ દેશનો વડો ગ્રાન્ડ ડ્યુક કહેવાય છે અને એ ચૂંટણીમાં બહુમત મેળવનાર પાર્ટીના નાયકની વડા પ્રધાન તરીકે નિમણૂક કરે છે. ગ્રાન્ડ ડ્યુક ઓફ લક્ઝમબર્ગના સત્તાવાર નિવાસસ્થાન ગ્રાન્ડ ડ્યુકલ પેલેસ માત્ર ઉનાળામાં (જુલાઈ થી સપ્ટેમ્બર) પ્રવેશ મળે છે અને તે પણ ગાઈડેડ ટૂર દ્વારા જ. ગ્રાન્ડ ડ્યુક શહેરમાં હોય ત્યારે આ પેલેસમાં રહે છે અને અહીંથી જ કામ કરે છે. મહેલ ઉપર લહેરાતો લક્ઝમબર્ગનો ઝંડો મહેલમાં ડ્યુકની હાજરી સૂચવે છે.

બીજા વિશ્વયુદ્ધ વખતે માર્યા ગયેલા અમેરિકન સૈનિકોની સ્મશાનભૂમિ શહેરના દક્ષિણ ભાગમાં છે. ૫,૦૭૬ અમેરિકન સૈનિકો અહીં પૃથ્વી પરનો છેલ્લો વિસામો છે. લીલા ઘાસની પશ્ચાદ્‌ભૂમિ પર ઊભેલા ૫,૦૭૬ શ્વેત ક્રોસ ત્યાં છવાયેલી શાંતિને પ્રગાઢ બનાવે છે. યહુદી સૈનિકોની કબર પર તારાનાં ચિહ્નો હતાં. અહીં એક જ કબર સ્ત્રીની છે જે નર્સ હતી, ત્યાંના રખવાળે અમને માહિતી આપી. ત્યાં બે મોટા નક્શા રાખવામાં આવ્યા છે જેમાં બીજા વિશ્વયુદ્ધ વખતની સૈન્યની હિલચાલ વિશે માહિતી મળે છે. લક્ઝમબર્ગ સિટી પગ તળે કાઢ્યા પછી અમે નિષ્કર્ષ પર આવ્યાં કે અલ્ઝેટ અને પેટ્રસ નદીઓ એ બનાવેલી ખીણવાળું આ શહેર અલગ અને સુંદર લાગે છે અને એકવાર અવશ્ય જોવા જેવું છે.

**જાણવા જેવું :**

- લક્ઝમબર્ગ સિટી અને દેશમાં બસ અને ટ્રેનની મુસાફરી આસાન અને સસ્તી છે. એક દિવસની ચાર યુરોની ટિકિટમાં આખા દેશમાં ક્યાંય પણ ફરી શકાય છે. લક્ઝમબર્ગ સિટી ચાલીને કે સાઈકલ પર જોઈ શકાય એમ છે. એ ઉપરાંત હોપ ઈન-હોપ ઓફ્ફ બસોની સગવડ છે.
- જુલાઈથી સપ્ટેમ્બર લક્ઝમબર્ગ જવાનો ઉત્તમ સમય છે.
- દસ જેટલા રેસ્ટોરાંમાં ભારતીય ભોજન મળે છે.

# લક્ઝમબર્ગ સિટી - ચંદ્રિકા લોડાયા, જન્મભૂમિમાંથી સાભાર

લક્ઝમબર્ગ દેશની રાજધાનીનું નામ પણ લક્ઝમબર્ગ છે, એ લક્ઝમબર્ગ સિટી કહેવાય છે એટલો ફરક છે. અમે લક્ઝમબર્ગની ભૂમિની સુંદરતાનો અનુભવ લેતા મોટર રસ્તે લક્ઝમબર્ગ સિટી તરફ ધપી રહ્યાં હતાં. મોટાં મકાનો દેખાવાનું શરૂ થતાં અમને રાજધાનીમાં પ્રવેશ્યાનો અણસાર આવ્યો. પછી આ મકાનો કાચનાં ચળકતાં અદ્યતન મકાનોમાં પરિવર્તિત થયાં ને શહેરના હાર્દ તરફ વળતાં જૂની ઢબની બાંધણીનાં મકાનોનો ભેટો થયો. આ મકાનો ગલીનાં એક છેડેથી શરૂ થઈ બીજી ગલી શરૂ થાય ત્યાં સુધી વચ્ચે જરા પણ જગ્યા છોડ્યા વિના લંબાય છે. ક્યાંય અડીખમ દીવાલ બાંધેલી છે પણ અમે રોડ પરથી પાર્કિંગની જગ્યામાં દાખલ થયાં ત્યારે ખ્યાલ ન આવ્યો કે આના પછી આટલી ઊંડી ખીણ હશે. સેન્ડસ્ટોનને કોતરીને આ શહેરને જોવાની શરૂઆત ખીણથી જ કરવાનું મન થયું. અમે નીચે જવાનો રસ્તો શોધવા લાગ્યાં. એક લિફ્ટ દ્વારા નીચે જવાતું હતું તેથી અમે બે-ચાર મિનિટમાં તો નીચે ખીણમાં હતાં! આ ખીણ જ લક્ઝમબર્ગ શહેરને આગવું રૂપ આપે છે. ત્રણ ચોરસ કિલોમીટર જેટલો ખીણનો વિસ્તાર ગ્રુન્ડ કહેવાય છે. ત્યાં ઘણાં ઘરો છે અને રહેવા માટે શાંત વિસ્તાર લાગ્યો. ચાલવા માટે પણ આ સારી જગ્યા છે. સેન્ડસ્ટોનને કોતરીને અલ્ઝેટ અને પેટ્રુસ નદીઓએ આ ખીણ બનાવી છે.









ગ્રુન્ડમાં આવેલું ન્યુમુન્સ્ટર એબી યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજની યાદીમાં છે. વિશાળ પ્રાંગણમાં ત્રણ મોટા કદનાં મકાનો અને એક દેવળ આવેલાં છે. મુખ્ય મકાન જે ભૂતકાળમાં સાધુઓ માટેનું નિવાસસ્થાન હતું તેનું સાંસ્કૃતિક કાર્યક્રમો થાય છે ત્યાં એક વખત જેલ હતી. એબીના ત્રીજે માળે રેસ્ટોરાં છે, અમે એમાં ડોકિયું કર્યું. દર રવિવારે ત્યાં બ્રન્ચ હોય છે જેનો આનંદ લોકો ઉઠાવી રહ્યાં હતાં. ઘણી બધી વાનગીઓ પથરાયેલી હતી છતાં વ્યક્તિદીઠ ૩૫ યુરોનો ભાવ અમને વધુ લાગ્યો. આટલા પૈસા ચૂકવીને એમાંની બિનશાકાહારી વાનગીઓ તો ખાઈ ન શકીએ! પરંતુ ત્યાં બેસીને શહેર જોવું ગમે એવું એનું વાતાવરણ હતું તેથી માત્ર કોફીની કિંમતમાં (જે પણ વધુ હતી) મજા લૂટી. પછી ત્યાંથી નીકળીને જરા આગળ જતાં નદી આવી ને એના કિનારે ચાલવાનો આનંદ લીધો. નદીની બન્ને બાજુ આવેલાં સુંદર ઘરો નદીની શોભા વધારે છે. અમને શહેરની રચનાનો બરાબર ખ્યાલ આવ્યો. લક્ઝમબર્ગ શહેર બે બાગમાં વહેંચાયેલું છે. વિલ ખાસ એટલે કે નીચેનું શહેર અને વિલ હોટ, જે ઉપરનું શહેર છે અને જેને જુનું શહેર પણ કહેવાય છે કેમ કે એમાં ઘણાં મધ્યકાલીન મકાનો છે.

લક્ઝમબર્ગ શહેરનો ઐતિહાસિક ભાગ રસપ્રેરક છે. ઉત્તર-પૂર્વ વિસ્તારમાં અલ્ઝેટ નદીની ઉપર પ્રાકૃતિક ખડક છે જે સંરક્ષણાત્મક કિલ્લાનું કામ કરે છે. ઈ. સ. ૯૬૩માં કાઉન્ટ સિગફ્રિડે આ ભૂશિર પર બોક તરીકે ઓળખાતો કિલ્લો બંધાવ્યો જેમાં સમયાંતરે નવી દીવાલોનો ઉમેરો થતો રહ્યો. ૧૬૨૪માં કિલ્લાની નીચે બોગદાં બનાવવામાં આવ્યાં જેમનો વિકાસ પણ થતો રહ્યો. આ બોગદાઓ કેસમેટ ડુ બોક કહેવાય છે અને આ આખું સ્થળ વર્લ્ડ હેરિટેઝ યાદીમાં છે. ભોંયરાઓએ બીજા વિશ્વયુદ્ધ દરમિયાન લક્ઝમબર્ગના ચાલીસ હજાર નાગરિકોને આશ્રય આપ્યો હતો. ભોંયરાંની લંબાઈ ૨૦ કિલોમીટર જેટલી છે. કટોકટીનાં વખતમાં એમાં સૈનિકોની ટુકડીઓ, એમના ઘોડા અને હથિયારો આ ભોંયરાઓમાં સમાઈ જતાં. ખડકની દીવાલમાં તોપગોળા છોડવા કરેલા બાકોરા અમે જોઈ શક્યાં. કુદરતી સંપત્તિ અને માનવીય કૌશલ્ય ભેગાં મળે તો કેવું પરિણામ આવી શકે તે અમને ભોંયરાઓમાં ફરતાં સમજાયું. આખી જગ્યા વિશાળ છે, ઘણા દાદરા ચડ-ઊતર કરવાના છે અને બધું જોવું હોય તો સારું એવું ચાલવાનું છે. બોગદાંઓની ઉપર આવેલા કિલ્લામાંથી દેખાતું દૃશ્ય દાદરા ચડીને પણ જોવા જેવું લાગ્યું.

અનુસંધાન પાના નં. ૨૨ ઉપર

C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (11-09-17)
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2017
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

નલીયા ગામના શાસનરત્ના
**દિનેશભાઈ પદમશી લોડાયા**ના કુલદિપિકા
**"નિરંજન – પુણ્ય – વિપુલ"** પરિવારના
પ.પૂ. નવકારગુણાશ્રીજી મ.સા. કરી રહ્યા
**સિધ્ધિતપની આરાધના** તથા
પ.પૂ. ચંદ્રગુણાશ્રીજી મ.સા. કરી રહ્યા
**શ્રેણીતપની ઉગ્ર સાધના**
આપણા ગામનું નામ રોશન કરનાર
બંને પૂજ્યોના ચરણે ભાવભરી વંદના..


સિધ્ધિતપના તપસ્વી
પ.પૂ. નવકારગુણાશ્રીજી મ.સા.


શ્રેણીતપના તપસ્વી
પ.પૂ. ચંદ્રગુણાશ્રીજી મ.સા.

**ઉગ્ર તપસ્યાની અંતરના અહોભાવે કરીએ અનુમોદના.**

નાલાસોપારા સ્ટે. અચલગચ્છ જૈન સંઘમાં **પ.પૂ. તપોગુણાશ્રીજી મ.સા.**
**પ.પૂ. જ્ઞાનગુણાશ્રીજી મ.સા.**ની નિશ્રામાં **પ.પૂ. નવકારગુણાશ્રીજી મ.સા.** તથા
**પ.પૂ. ચંદ્રગુણાશ્રીજી મ.સા.** શાતાપૂર્વક અપ્રમતભાવે તપસ્યા કરી રહ્યા છે.

**સિધ્ધિતપનું પારણું**
રવિવારના તા. ૨૭-૮-૨૦૧૭
સવારના ૭.૩૦ કલાકે

**નાલાસોપારા પારણાસ્થળ**
નાલાસોપારા સ્ટે. અચલગચ્છ જૈન સંઘ
શ્રીપાલ કોમ્પલેક્ષ, મહેશ પાર્ક,
તુલાંજ રોડ, નાલાસોપારા (ઈસ્ટ).

**શ્રેણીતપનું પારણું**
રવિવારના તા. ૨૪-૯-૨૦૧૭
સવારના ૮.૦૦ કલાકે

**નાલાસોપારા નગરે પધારજો સૌ પ્રેમે પારણા પ્રસંગે....**
**પૂ. મ.સા.ના તપની અનુમોદના કરશું સાથે મળી ઉમંગે...**

## મુંબઈના વિશ્વ પ્રખ્યાત 'લાલબાગચા રાજા' ગણેશોત્સવના પ્રારંભના અગ્રણી કુંવરજી જેઠાભાઈ ધરમશી

આપણી જ્ઞાતિના કચ્છ સુથરીના કુંવરજી જેઠાભાઈ ધરમશી (લાલબાગ-પરેલ) વિભાગના સતર વર્ષ સુધી નગરસેવક હતા. મુંબઈના આ વિભાગના હિંદુઓને એકત્રિત કરવા 'લાલબાગચા રાજા' ગણેશોત્સવની સ્થાપનામાં તેમની ભૂમિકા હતી.

કાળક્રમે આ ગણેશોત્સવ ખૂબજ પ્રસિધ્ધ પામનું ગયું અને આજે સંપર્ણ વિશ્વમાં આગવી ઓળખ ધરાવે છે.

'લાલબાગચા રાજા' ગણેશોત્સવના આયોજકોની મધ્યમાં કુંવરજી જેઠાભાઈ ધરમશીનો ફોટો આપણી જ્ઞાતિના અગ્રણીના મહત્ત્વપૂર્ણ કાર્યની સાક્ષી પુરે છે.




if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,